સુવિચાર
''મોડું સમજાયેલું સત્ય તાળું તોડયાં પછી મળેલી ચાવી જેવું હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૧૨/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૭ વર્ષ : ૧૬ અંક : ૩૦૪


## સુલભ શૌચાલય અભિયાન બાદ પણ શૌચાલયનાં તાળા ન ખુલ્યા

# અમરેલીનાં મોટાભાગનાં જાહેર શૌચાલયો બંધ હાલતમાં

- શહેરનાં હાર્દસમાં નાગનાથ ચોકમાં આવેલ જાહેર શૌચાલય મહિનાઓથી બંધ હાલતમાં
- બટારવાડી, સ્ટેશન રોડ સહિતનાં અનેક શૌચાલયો બંધ તો જે શરૂ છે તે નર્કાગારની હાલતમાં
- દિ'ઉગેને કરવેરા ભરતા શહેરીજનોને પ્રાથમિક સુવિધા આપવામાં પણ શાસકો નિષ્ફળ
- આશ્ચર્યજનક બાબત એ છે કે એકપણ શૌચાલયમાં મહિલાઓ માટે યોગ્ય સુવિધા જ નથી





અમરેલી, તા. ૧૦
અમરેલીમાં થોડા દિવસો પહેલા વહીવટીતંત્ર દ્વારા સુલભ શૌચાલય અભિયાન શરૂ કરવામાં આવ્યાબાદ પણજિલ્લાનાંમુખ્યમથકમાં બંધહાલતમાંરહેલશૌચાલયનેપૂનઃશરૂ કરવામાં ન આવતાં અભિયાન નિષ્ફળ હોવાનુંસૌમાનીરહ્યુંછે.

અમરેલીનાં નાગનાથ ચોકમાંએસબીઆઈનીદીવાલનેઅડીને આવેલ જાહેર શૌચાલય ઘણા મહિનાઓથી બંધ હાલતમાં છે. જાહેર ચોકહોવાથીમહિલાઓ, પુરૂષોમાટેઆ શૌચાલયઅતિમહત્વનુંહોવાછતાંઆજે પણબંધહાલતમાંજોવામળીરહ્યુંછે.

તદ્‌ઉપરાંત, સ્ટેશન રોડ ઉપર, બટારવાડીસહિતનાંવિસ્તારમાં આવેલ જાહેર શૌચાલય પણ મહિનાઓથીબંધહાલતમાંજોવામળી રહ્યા છે અને જયાં શરૂ છે ત્યાં પણ નર્કાગારનીસ્થિતિજોવામળીરહીછે.

સૌથીદયનીયપરિસ્થિતિએ છે કે શહેરમાં મહિલા ઉપયોગ કરી શકે તેવું એકપણ જાહેર શૌચાલય કયાંય જોવામળતુનથીઅનેસૌકોઈવિકાસની ગુલબાંગોફેંકવામાંથીનવરાપડતાનથી.

શહેરમાંએકપણનમૂનેદાર જાહેર શૌચાલય જોવા મળતું નથી. શહેરીજનોદરવર્ષેકરોડોરૂપિયાનાંકરવેરા ભરે બદલામાં પ્રાથમિક સુવિધા પણ શાસકો ઉપલબ્ધ ન કરાવી શકે આનાથી કરૂણાજનકબાબતબીજીશુંહોયશકે.


स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

33 માં વર્ષમાં મંગલ પ્રવેશ
Avadh family restaurant ©
નો પ્રારંભ કરેલ આજની આ મંગલમય પ્રભાતે 32 વર્ષ સફળતાપુર્વક પુર્ણ કરી 33 માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યાં છીએ ત્યારે સ્વાદ અને શુધ્ધતાના શોખીનો એવા અમરેલી જિલ્લાના નગરજનોનો અમોને સતત 32 વર્ષ સુધી સહકાર આપવા બદલ આભાર માનીએ છીએ અને એ જ આપનો સાથ સહકાર, પ્રેમ અને હુંફ આવનાર વર્ષમાં પણ મળ્યાં કરશે એ જ અભ્યર્થના સહ આપના આભારી......
CELEBRATING 33 YEARS ANNIVERSARY
૩૨ વર્ષથી અમારા પરના વિશ્વાસ માટે ગ્રાહક મિત્રોનો ખુબ ખુબ આભાર...
33 માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે અમારા માનવંતા ગ્રાહક મિત્રો માટે
૧૫ % થી ૧૦૦ % સુધી સાંજના મેનુ પર ડીસ્કઉન્ટ
તારીખ : ૦૯ / ૧૨ / ૨૦૨૫ થી તારીખ : 30 / ૧૨ / ૨૦૨૫

અમરેલી એકસપ્રેસ
સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
આમ આદમીનું અખબાર
અમરેલી એકસપ્રેસમાં
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એકસપ્રેસ''નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત ''અમરેલી એકસપ્રેસ'' સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
મળવાનો સમય
સવારે : ૧૧ : ૦૦ થી ૦૧ : ૦૦ સુધીમાં
મો. નં. ૯૪૨૮૭ ૦૮૩૩૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦ ૭૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અંકિત માકડિયા — ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ
તા.૧૧/૧૨/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૦૮:૦૦ થી ૦૧:૦૦
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ
તા.૧૨/૧૨/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૦૪:30 થી ૦૫:30
લોહી તથા કેન્સરનાં રોગોના નિષ્ણાંત
ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો. સર્જન
તા.૧૨/૧૨/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૦૪:30 થી ૦૬:૦૦
બાળકોના હાડકાનાં નિષ્ણાંત
ડો. મનિષ પદ્ણી — ન્યુરો ફીજીશ્યન
તા.૧૩/૧૨/૨૦૨૫ - શનિવાર, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
મગજના રોગોનાં નિષ્ણાંત
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

### કડકડતી ઠંડીનાં માહોલમાં ધરતી ધ્રુજી ઉઠી

# ધારીનાં વીરપુર સહિતનાં જંગલ વિસ્તારમાં વ્હેલી સવારે ભુકંપનો આંચકો

### મીઠી નિંદ્રા માણતાં ગ્રામજનો જાગી ગયા



અમરેલી, તા. ૧૦


અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના વિસ્તારમાં છાશવારે હળવા ભૂંકપના આંચકાઓ આવતાં રહેતાં હોય છે. ત્યારે લોકો આવા ભૂકંપના કારણે સતત ચિંતામાં જોવાં મળી રહયાં છે. ત્યારે ધારી ગીર પંથકમાં આજે વ્હેલી સવારે ભૂકંપનો આંચકો અનુભાવાયો હતો. જેને લઈ લોકો કડકડતી ઠંડીમાં લોકો ભર ઊંઘમાંથી જાગી ગયાં હતાં.

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના ધારી તાલુકામાં આવેલ વીરપુર ગામ તથા આજુબાજુનાં જંગલ વિસ્તારમાં આજે વહેલી સવારે લગભગ ૫–૫૦ મિનિટે ૨–૪ ની તીવ્રતાથી ધરતીકંપનો આંચકો આવ્યો હતો. આ સમયે લોકો કડકડતી ઠંડીમાં મીઠી ઉંઘ માણી રહયાં હતાં. ત્યારે ધરતીકંપનો આંચકોથી લોકો સફાળા જાગી ગયાં હતાં.

ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમરેલીથી ૪૪ કિલો મીટર સાઉથ વેસ્ટમાં કેન્દ્ર બિંદુ હોય. જેથી ભૂકંપનો આંચકોની અસર થવા પામી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ખાંભા પંથકમાં પણ અનેક વખત આવા ભૂકંપનો આંચકો અનુભાવાયો હતો. ત્યારે ખાંભા તાલુકાની બોર્ડર પાસે આવેલા વીરપુર ગામ તથા આજુબાજુનાં જંગલ વિસ્તારમાં આજે વહેલી ભૂકંપનો આંચકો આવતાં ભયનો માહોલ જોવાં મળતો હતો.

# આજથી ૩૦–૪૦ વર્ષ પહેલાનાં શિક્ષણની અનેક વાતો યાદ કરવી જરૂરી છે



રાજુલા, તા. ૧૦

આપણા સૌના બાળપણની ગામની શાળાનાએ અવિસ્મરણીય યાદગાર દિવસોની યાદ તાજી કરીએ શિક્ષક ગામમાં રહેતા હોઈ અને શેરીએ સામા મળે તો આપણે બાજુમાં થઈ જતા એટલો આદર આપતા. આજથી દસ–પંદર વર્ષ પહેલા ગામડાની પ્રાથમિક શાળામાં ભણતા હતા તે વખતની.

એ વખતે આજની જેમ બેગ તો હતી, કંતાનની થેલી હોઈ એમાં સ્લેટ, ચોપડા, કંપાસ વિગેરે ગોઠવેલ હોઈ, અને શાળા ખુલ્લવાની અરધી કલાકની વાર હોઈ ત્યાં જ પહોંચી જઈએ, અને સાહેબના ઘરેથી કોઈ એક વિદ્યાર્થી શાળાનાં મુખ્ય દરવાજાની ચાવી લઈ આવે, અને શાળાનું મેદાન, વર્ગખંડોની સફાઈ ચાલુ થઈ જાય.

ભાઈઓ ઝાડનાં પડેલ પર્ણ વિણે, અને બહેનો સાવરણાઓ લઈને મેદાન વાળી નાખે, સાવરણીથી વર્ગખંડની સફાઈ કરી નાખે અને બેસવાની બેન્ચ તો એ સમયે ક્યાં હતી ? લાદી ઉપર દફતર લાઈનમાં મુકી દેતા, પછી પ્રાર્થના ચાલુ થાય, પ્રાર્થના આખી ભલે કોઈને ન આવડતી હોઈ, પણ સમૂહમાં પ્રાર્થના આખી સારી રીતે ગવાતી, પછી ભજન, ધુન અને બાળ ગીત, અને આ બધુ પુરૂ થાય એટલે વર્ગખંડમાં બેસતા.

ચાલુ અભ્યાસે લઘુશંકા લાગે તો ટચલી આંગણી ઉચી કરી સાહેબની પરવાનગી લેતા, કારણ કે ચાલુ અભ્યાસે કોઈને ડિસ્ટર્બ ન થાય, અને સાહેબ પણ 'હા' અથવા 'ના' માં માથુ ધુણાવતા, અને એમાય 'હા' પાડે તો એક સાથે એક માણસ ફ્રી હોઈ. બપોરની રિસેસ પડવાની વીસેક મીનીટ પહેલા ચાર જણા મધ્યાહ્ન ભોજન લેવા જાય, અને પછી જમવાની રીસેસ પડતા જ દફતરમાથી થાળી/વાટકો કાઢીને લાઈનબદ્ધ જમવા બેસી જતા.

અને જમવાનુ પુરૂ થતા જ બાજુમાં ડંકી હોઈ ત્યાં થાળી/વાટકો ધોવા માટે ઉભા રહી જાઈએ, અને જે ડંકી પાસે થાળી ધોતુ હોઈ એના કાનની બુટીને સ્પર્શ કરી લેતા, અને એનો અર્થ એ કે... એના પછી આપણો વારો, કેટલી શિષ્તતા હતી એ વખતે, કેટલુ અનુશાસન એ વખતે.

આજના યુગની જેમ સીસીટીવી ન હતા. આજે તો શિક્ષક થોડુ વધુ કહી દે તો હોબાળો મચી જાય. આપણી વખતે તો 'સોટી વાગે છમ્મછમ્મ અને વિદ્યા આવે ધમ્મધમ્મ,' કોઈ ઠપકો વાલીઓનો ન આવતો.

ખેર! સમય બદલાયો, અને હવે વાલીઓ શાળામાં અપાતા શિક્ષણ કરતા ત્યાં અપાતી સારી સુવિધાને આધારે પોતાના સંતાનોના એડમીશન લે છે. હવે આવો યુગ આવે કે ન આવે, પણ આપણે આ સમય જોયો એનુ ગૌરવ છે.

### ત્રણ ગામોના બનેલા કલસ્ટરમાં

# અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત તરીકેની નોંધણી કરાવી લેવી

### ૧૨૫ ખેડૂતોની વહેલા તે પહેલાના ધોરણે થતી નોંધણી

અમરેલી, તા. ૧૦

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત ત્રણ ગામોનું એક ક્લસ્ટર બનાવવામાં આવ્યું છે, એમ અમરેલી જિલ્લાના કુલ ૨૦૫ ક્લસ્ટરમાં કોમ્યુનિટી રિસોર્ટ પર્સન (સી.આ.રપી) અને કૃષિ સખી નિમણૂક થયેલ છે, તેમના દ્વારા દરેક ક્લસ્ટરના ત્રણ ગામમાં ૧૨૫ પ્રાકૃતિક કૃષિ કરતા અથવા કરવા માગતા કે પ્રાકૃતિક ખેતી શરૂ કરેલ ખેડૂતની ઓનલાઈન નોંધણી વહેલા તે પહેલાના ધોરણે કરવાની કામગીરી હાલ શરૂ છે. એટલે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિના ખેડૂત તરીકે સીઆરપી કે કૃષિ સખી પાસે નોંધણી કરાવી લેવી.

આમ, ભવિષ્યમાં અને હાલમાં સરકાર તમામ પ્રાકૃતિક કૃષિની પ્રોત્સાહન યોજનાઓ તથા પ્રવૃત્તિમાં નોંધાયેલ ખેડૂતો ઉપર અરજી કરવાની હોય અને જે જોડાવા માંગતા હોય તેઓએ તેમજ જીવામૃત, ઘન જીવામૃત બનાવવા માટેનું યુનિટ તેમજ પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ બનાવવા માંગતા ખેડૂતોએ સહાય માટે CRP, કૃષિ સખી, તાલુકાના પ્રોજેક્ટ મેનેજર, બી.ટી.એમ આત્મા અથવા ગ્રામસેવકનો સંપર્ક કરી અરજી આપવાની રહેશે, તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦,પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### ચૂંટણી સુધાર પ્રક્રિયા અનેક કર્મચારી માટે આફતરૂપ બની રહી છે

# સાવરકુંડલાનાં છાપરી ગામે SIRની કામગીરી કરનાર શિક્ષકને શાળા પરિસરમાં આવ્યો હાર્ટએટેક

### શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણને સારવારમાં ખસેડવામાં આવ્યા



અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે ફરજ બજાવતા એક શિક્ષકને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણ શાળા પરિસરમાં BLO (બૂથ લેવલ ઓફિસર) અને SIRની કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન આ દુર્ઘટના બની હતી.

મળતી માહિતી મુજબ, રાજેન્દ્રસિંહ ચૌહાણ નામના શિક્ષણ BLO તરીકે SIRની મતદાર યાદીની તપાસની કામગીરી કરી રહ્યા હતા. આ કામગીરી દરમિયાન જ તેમને શાળા પરિસરમાં જ અચાનક હાર્ટ એટેક આવી ગયો હતો અને તેઓ જમીન પર જ ઢળી પડ્યા હતા. ત્યારબાદ, તેમને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પહેલાં તેમને વિજપડીની હોસ્પિટલ લઈ જવાયા. જોકે, બાદમાં તેમને વધુ સારવાર માટે સાવરકુંડલા અને હાલ અમરેલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે.

હાલ, BLO રાજેન્દ્રસિહં ચૌહાણની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. જોકે, તેઓ હજું હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જોકે, તેમની આ પ્રકારે તબિયત લથડતા ત્યાં હાજર અન્ય શિક્ષકો અને સ્થાનિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા

PRIME PROPERTY

જયદિપ રાયઠઠા

Mo. 93770 03636


### મજદુર સંઘના જિલ્લા પ્રભારી બનાવાયા

# અમરેલી ભાજપ અગ્રણી નાથુભાઈ ધાધલને મહત્વની જવાબદારી

### વિશાળ ચાહકવર્ગમાં ખુશીનો માહોલ



પૃથ્વીસિંહ ગોહિલ દ્વારા નિમણુંકપત્ર આપવામાં આવેલ છે.

અમરેલી, તા. ૧૦


અમરેલી શહેર ભાજપનાં ઉપપ્રમુખ અને યુવા આગેવાનને ભારતીય જનતા મજદૂર પક્ષના અમરેલી જિલ્લાનાં પ્રભારી તરીકે નિમણુંક મળતાં તેમનાં વિશાળ ચાહક વર્ગમાં ભારે ખુશીનો માહોલ જોવાં મળી રહયો છે.

અમરેલી જિલ્લા ભાજપમાં વર્ષોથી લોકોનાં કામ કરતાં અમરેલીના નાથુભાઈ ધાધલને ભારતીય જનતા મજદૂર પક્ષના પ્રદેશ મહામંત્રી

### શહેર કોંગ્રેસનાં મંત્રી તરીકે ફરજ બજાવતા

# સાવરકુંડલા વકીલ મંડળના પ્રમુખ તરીકે પરિક્ષિત શિયાળ બિનહરીફ

### કોંગી આગેવાનોએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા વકીલ મંડળનાં પ્રમુખ તરીકે પરિક્ષિત શિયાળ બિનહરીફ વિજેતા થતાં વકીલો, શુભેચ્છકો, મિત્રો ધ્વારા શુભકામના પાઠવવામાં આવી રહી છે.

તેઓ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે કામગીરી પણ કરી રહયા છે. તેમને કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરો ધ્વારા શુભકામના પાઠવવામાં આવી રહી છે.

સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે કાર્યરત અને યુવા તથા કાર્યદક્ષ વકીલ પરીક્ષિત શિયાળને હાર્દિક અભિનંદન પાઠવતી સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ અને કોંગ્રેસ પરિવાર સાવરકુંડલાના તેજસ્વી યુવા પરીક્ષિત શિયાળે, સૌથી નાની ઉંમર અને નાના કદ હોવા છતાં, પોતાના કાર્યકુશળતા અને આગવી નેતૃત્વ શક્તિથી સૌના હૃદયમાં અનોખું સ્થાન બનાવ્યું છે.


આંબાનો બગીચો વેચવાનો છે.

ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી-અમરેલી રોડ ઉપર કુલ-૨૧ વીઘા

આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)

રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી

૨૦ HP / ૧૫ HP નાં ૨(બે) કનેકશન

૭૫૦ ફુટના ૨ (બે) બોર

૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ

મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો

સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩


### ઢોર ભરેલ ગાડીઓની રેકી કરતો હોવાની આશંકાથી

# અમરેલીનાં જેસીંગપરામાં રહેતાં યુવક ઉપર ૭ ઈસમોએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૦

અમરેલીના જેસીંગપરા શેરી નં.–૩માં રહેતાં અને હેર સલુનનો ધંધો કરતાં ધવલભાઈ ચીનુભાઈ મેસુરીયા નામનાં ૨૧ વર્ષીય યુવક પાંચેક વર્ષથી ગૌરક્ષક તરીકે સેવા કરતા હોય અને હમણાં હમણાં ઢોર ભરેલી ગાડીઓ ભરાતી હોય અને પોલીસ તેવી ગાડીઓ ઝડપી લઈ કાર્યવાહી કરતી હોય. જેથી સાત જેટલાં અજાણ્યા ઈસમોને લાગેલ કે આ યુવક ઢોર ભરેલી ગાડીઓની રેકી કરે છે તેમ સમજી ગત તા. ૮ના રાત્રીના આશરે સાડા અગિયાર વાગ્યે અમરેલી– કુંકાવાવ રોડ સોમનાથ મંદિર પાસે ઉભો હતો. ત્યારે એક અજાણ્યા મોટર સાયકલ વાળાએ ફોન કરી સફેદ કલરની બોલેરો પીકઅપ ઠાઠાવાળીમાં સાત માણસો બોલાવી બોલેરોમાંથી ઉતરી યુવકને મૂંઢમાર મારી તથા બીજા ઈસમો નીચે ઉતરી ભૂંડા બોલી ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગેરકાયદે મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડી ગુન્હો કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### એડવોકેટ આર.એસ. ખીમસુરિયાની દલીલ સફળ

# બાબરા : મારામારી તથા રેપ કેસમાં આરોપીની જામીન અરજી મંજુર

### એડીશ્નલ સેશન કોર્ટ દ્વારા જામીન અરજી મંજુર



અમરેલી, તા. ૧૦

બાબરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪ (૧), ૭૪, ૩૫૧(૩), ૧૧૫(૨) મુજબનાં ગુન્હા સબબ ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરેલ, આ કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદીએ સાતેક વર્ષ પહેલા તેમના માતા–પિતાની મરજી વિરૂધ્ધમાં પ્રેમ લગ્ન કરેલ હોય અને તેમના પતિ સાથે બાબરા તાલુકામાં રહેતા હોય અને હીરા ઘસવાનું કામ કરતા હોય અને આ કામના આરોપી પણ તે જ કારખાને હીરા ઘસવાનું કામ કરતા હોય જેથી આરોપીએ ફરીયાદીને કહેલ કે હું તારા માતા–પિતા સાથે સમાધાન કરી આપીશ અને ગઈ તા. ૩૦/૦૯/૨૦૨૫ નાં રોજ બપોરના આશરે સાડા અગીયારેક વાગ્યે આરોપીએ ફરીયાદીને કહેલ તારા પિતાજી સમાધાન માટે મારા ઘરે આવેલ છે તું મારી સાથે આવ તેમ ઘરે લઈ જવાનું કહી મંદિર પાસે સાંકડી બજારમાં પહોંચતા એકલતાનો લાભ લઈ ફરીયાદીની મરજી વિરૂધ્ધમાં આરોપીએ શરીર સાથે અડપલા કરી, છેડતી કરી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી જમીન ઉપર સુવડાવી દઈ જબરદસ્તી બળાત્કાર ગુજારી તેમજ પાટા મારી મુંઢ ઈજા કરી ગુન્હો કરેલાનો આક્ષેપ છે. આરોપી તરફે રજુઆત થયેલ કે, હાલના કામની ફરીયાદ ૪ દિવસ વિલંબથી કરવામાં આવેલ છે. ફરીયાદી અને આરોપી એક જ જગ્યાએ હિરા ઘસવાનું કામ કરતા હતા તે રીતે તેમની વચ્ચે સારા સબંધ કે મીત્રતા હતી, તથા ફરીયાદીએ પોતાના પતિ સાથે ૦૭ વર્ષ અગાઉ પ્રેમલગ્ન કરેલ હતા અને તે કારણે તેમના માતા–પિતા આજે પણ નારાજ છે તેવુ ફરીયાદમાં નિકળી આવે છે અને અરજદાર તેમના માતા–પિતા સાથે સમાધાન કરાવી આપશે તેવુ જણાવેલ અને ફરીયાદીના પિતાને પોતાના ઘરે બોલાવેલ, અને ફરીયાદીને પોતાના ઘર તરફ લઈ જઈ અને મંદિર પાસે અવાવરૂ જગ્યામાં તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવે છે તેવો ફરીયાદ પક્ષનો કેસ છે. ફરીયાદ હકિકત જોતા મંદિર નજીકમાં હોય ત્યાં લોકોની અવર જવર પણ હોય અને ફરીયાદીના આક્ષેપ મુજબ તેઓને કોઈ રૂમમાં પણ લઈ ગયેલ નથી. જણાવેલ જગ્યાએ જો કોઈ પણ સ્ત્રી વિરૂધ્ધ આવો ગુનો આચરવામા તો ભોગબનનારને પીઠના પાછળના ભાગે અને અન્ય જગ્યાએ સ્વભાવીકપણે ઈજા થાય પણ તેઓને આવી કોઈ ઈજા થયેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી. બંન્ને જણા સાથે હિરા ઘસવાનું કામ કરતા હતા અને તેમની વચ્ચે મનમેળ હતો અને જે કાંઈ થયેલ છે તે સંમતીથી થયેલ છે, પરંતુ તેમના પતિને ખબર પડી જતા આ બાબતે આરોપી સાથે પાછળથી મારામારી પણ થયેલ અને અગાઉથી મનદુઃખ ચાલતુ હતુ જેથી ફરીયાદીના પતિએ ફરીયાદી પાસેથી ખોટી હકિકતો વાળી ફરીયાદ કરાવેલ છે અને ફરીયાદીએ પોતાનું ઘર બચાવવા સારૂ ખોટી ફરીયાદ કરેલ છે. આરોપીનો કોલ ડિટેઈલ મેળવવામાં આવે તો પણ બંન્ને વચ્ચે અવાર નવાર વાચતીચ થતી હોવાનું રેકર્ડ ઉપર આવશે. જેથી અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન આપવા રજૂઆત થયેલ, તથા ઉચ્ચ ન્યાયાલયનાં જજમેન્ટનાં સિદ્ધાંતોને લક્ષમાં લઈ જામીન પર મુકત કરવાનો કરવા દલીલો થયેલ. જે અન્વયે એડી. સેશન્સ મેજીસ્ટ્રેટ દ્વારા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી તરફે સિનિયર વકીલ આર.એસ. ખીમસુરિયાની દલીલો સફળ રહી હતી.





શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા

મહાજન કેટરર્સ MAHAJAN

ALL CATERING SOLUTIONS

EARLY MORNING BED TEA

BREAKFAST & SECOND BREAKFAST

WEL COME COLDRINKS - ELEVENSES

BRUNCH - LUNCH

AFTERNOON TEA & HIGH TEA

SUPPER - DINNER - LATE NIGHT SNAKES

હાર્દિક ત્રીવેદી

94 285 61 601

શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

## સુરત ખાતે જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા એક જ દિવસમાં બે અંગદાન

# પ્રજાપતિ અને કાચા પરિવાર દ્વારા કીડની, લીવર અને ચક્ષુઓનું મહાદાન

**બે પરિવારનાં સ્વજનનાં અંગોનાં દાનથી આઠ વ્યકિતઓને નવજીવન બક્ષી માનવતાની મહેંક પ્રસરાવી**

**ધારીનાં માલસીકા ગામનાં કાચા પરિવાર અને કામરેજનાં પ્રજાપતિ પરિવારની અનેરી સેવા**

**બ્રેઈન ડેડ વ્યકિતનાં વિવિધ અંગોનું દાન કરીને પરિવારજનોએ અનેક પરિવારોમાં ખૂશી ઉભી કરી**

**ફાઉન્ડેશનનાં પી.એમ. ગોંડલીયા, ડો. કાછડીયા, વિપુલ તળાવીયા, જસ્વીન કુંજડીયા, નીતિન ધામેલીયા, બિપિન તળાવીયા સહિતની ટીમે જહેમત ઉઠાવી**








સુરત, તા. ૧૦

સુરતનાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ધ્વારા એક જ દિવસમાં બે પરિવારનાં સ્વજનનાં અંગોનાં દાનથી આઠ વ્યકિતઓને નવજીવન બક્ષી માનવતાની મહેંક પ્રસરાવવામાં આવી છે.

પ્રથમ બનાવમાં ધારીનાં માલસિકાનાં કાચા પરિવારના મનુભાઈ સુરતની એઈમ્સ હોસ્પિટલ સ્થિત સારવાર માટે લઈ આવ્યા હતા. તેઓનું મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને દર્દીને રજા કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ દર્દીને તા. ૩/૧૨/૨૦૨૫ ના રોજ ફરી એક મગજની સર્જરી કરવામાં આવેલી હોય, જેની સઘન સારવાર બાદ તા. ૮/૧૨/૨૦૨૫ ના રોજ દર્દીની સ્થિતિમાં સુધારો નહીં જણાતા ડો. હિતેશ ચિત્રોડા, ડો. મૌલિક પટેલ, ડો. રોનક વાડદોરીયા દ્વારા તેઓને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

બીજા બનાવમાં કામરેનાં પ્રજાપતિ પરિવારના ઈલાબેનને તારીખ ૩/૧૨/૨૦૨૫ ના રોજ આશરે સાંજે ચાર વાગે ઘરે સુતા હતા ત્યારે અચાનક વોમીટ થઈ અને ચક્કર આવવા લાગ્યા હતા અને થોડીવારમાં તેઓ બેભાન થઈ જતા તેઓને ૧૦૮ મારફતે સુરતની ડાયમંડ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ સુરતની એઈમ્સ હોસ્પિટલ ખાતે તેઓને વિશેષ સારવાર માટે શિફટ કરવામાં આવ્યા હતા. અહીંયા તેઓની સઘન સારવાર બાદ ડોકટરોની ટીમ ડો. પરેશ લાડુમોર, ડો. હિતેશ ચિત્રોડા, ડો. મૌલિક પટેલ દ્વારા તેઓને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

એઈમ્સ હોસ્પિટલના ડાયરેકટર ડો. મિલન સોજીત્રા અને ડો. હિતેશ ચિત્રોડાએ જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, સુરતના ફાઉન્ડર પી.એમ. ગોંડલીયા, ડો. નિલેશ કાછડીયા અને વિપુલ તળાવીયા એઈમ્સ હોસ્પિટલ ખાતે પહોંચી ત્યાં એકત્ર થયેલ મનુભાઈ કાચા પરિવાર અને પ્રજાપતિ પરિવારના બધા સભ્યો ચેતનભાઈ કાચા, કેતનભાઈ કાચા અને અનિભાઈ ખોલકીયા સાથે મળ્યા અને બીજા કિસ્સામાં, દીપ પ્રજાપતિ, મિહિર પ્રજાપતિ, પ્રતિક પ્રજાપતિ, નવનીત પ્રજાપતિ, સંકેત પ્રજાપતિ અને હર્ષકુમાર જરીવાલાએ અંગદાન કરવાથી બીજા અનેક લોકોને નવું જીવન મળતું હોઈ એ વિશેષ મહત્વ સમજીને આ સુંદર વિચારને સમયનો દુરૂપયોગ કર્યા વગર દર્દીના સબંધીઓએ સ્વૈચ્છિક રીતે અંગદાન કરવા માટેની તૈયારી બતાવી. કાચા પરિવારના યુવાનો અને સબંધી દ્વારા આ અંગદાન એજ શ્રેષ્ઠદાન છે જેને સાર્થક કરવા સાથે રહીને હુંફ અને પ્રેરણાત્મક બળ પૂરૂં પાડયું હતું અને જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટની ટીમ સાથે મનુભાઈ કાચાના અંગોનું અંગદાન કરવાની સહમતી આપી હતી.

અંગદાન માટે પરિવારના સભ્યોની સહમતી મળતા જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા એઈમ્સ હોસ્પિટલ દ્વારા ગુજરાત સરકાર સોટો અને નોટોમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, એઈમ્સ હોસ્પિટલ તથા કાચા પરિવાર અને પ્રજાપતિ પરિવારના સંયુકત પ્રયાસોથી અંગદાન એજ સર્વશ્રેષ્ઠ દાન છે જેમનું એક સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું છે. આ પરિવાર દ્વારા અંગદાનના સંકલ્પ અને સુંદર વિચાર થકી બે કીડની, બે લીવર અને ચાર ચક્ષુઓનું દાન દ્વારા અન્ય આઠ લોકોને જીવનદાન મળ્યું છે.

અમદાવાદ ખાતે આઈકેડીઆરસી હોસ્પિટલ દ્વારા એક લીવર, એક કીડની, કિરણ હોસ્પિટલમાં એક લીવર તથા એક કિડનીનું અમદાવાદ અને ચારેય ચક્ષુઓનું દાન લોક દ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.

અંગદાન માટેની આ પ્રક્રિયામાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના ફાઉન્ડર પી.એમ. ગોંડલીયા, ડો. નિલેષ કાછડીયા, વિપુલ તળાવીયા, જસ્વીન કુંજડિયા, નીતિન ધામેલીયા, બિપિન તળાવીયા, અભિષેક સોનાણી, વિપુલ કોરાટ, આશિષ સાવલિયા, સ્મિત પટેલ, સાગર કોરાટ અને એઈમ્સ હોસ્પિટલના ડાયરેકટર ડો. મિલન સોજીત્રા, ડો. હિતેશ ચિત્રોડા, ડો. મૌલિક પટેલ, ડો. પરેશ લાડુમોર, ડો. રોનક વાડદોરીયા, મિલન ઘેવરિયા તેમજ સમગ્ર હોસ્પિટલ સ્ટાફ, કાચા પરિવાર અને પ્રજાપતિ પરિવારના સભ્યોના સહયોગથી આ અંગદાન કરવામાં આવ્યું હતું.

દર્દીના લેવાયેલ ઓર્ગન સમયસર હોસ્પિટલ સુધી પહોંચી શકે એ માટે સુરત અને ગુજરાતના અન્ય જીલ્લાની પોલીસ દ્વારા એઈમ્સ હોસ્પિટલથી આઈકેડીઆરસી હોસ્પિટલ અમદાવાદ સુધી ગ્રીન કોરિડોર કરી વિશેષ બંદોબસ્ત કરીને ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, સુરતનાં પ્રયાસોથી એક જ દિવસમાં બે ૨૭ અને ૨૮મું અંગદાન કરાવવામાં આવ્યુ હતું. જેના થકી અન્ય આઠ લોકોનાં જીવન દીપી ઉઠયા છે.








જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### ત્રણ દિગ્ગજ નેતાઓ વચ્ચે ૨ કલાક સુધી ચાલી મિટિંગ

# વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધી વચ્ચે યોજાઈ બેઠક

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી એકસાથે જોવા મળ્યા હતા

નવી દિલ્હી, તા.૧૦

રાજધાની દિલ્હીમાં બુધવારે એક હાઈ-પ્રોફાઈલ બેઠક યોજાઈ હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી એકસાથે જોવા મળ્યા હતા. આ બેઠકનો મુખ્ય એજન્ડા દેશના નવા મુખ્ય માહિતી કમિશનર (CIC) અને અન્ય કમિશનરોની નિમણૂક કરવાનો હતો. જોકે, લગભગ બે કલાક સુધી ચાલેલી આ મિટિંગમાં સર્વસંમતિ સધાઈ શકી ન હતી. અહેવાલો મુજબ, રાહુલ ગાંધીએ અધિકારીઓની પસંદગી પ્રક્રિયા અને નામોને લઈને પોતાની અસંમતિ વ્યક્ત કરી હતી.

બુધવાર (૧૦ ડિસેમ્બર, ૨૦૨૫) ના રોજ વડાપ્રધાનના નિવાસસ્થાને એક અત્યંત મહત્વપૂર્ણ સિલેક્શન કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અધ્યક્ષ સ્થાને હતા, જ્યારે સમિતિના અન્ય સભ્યો તરીકે ગૃહમંત્રી અમિત શાહ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્રીય માહિતી આયોગ (CIC) માં ખાલી પડેલા મુખ્ય કમિશનર અને અન્ય ૮ માહિતી કમિશનરોના પદો ભરવાનો હતો. આ ઉપરાંત સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર (CVC) ના પદ માટે પણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

અહેવાલ મુજબ, આ બેઠકમાં સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા નામો અને પસંદગીની પ્રક્રિયા સામે રાહુલ ગાંધીએ વાંધો ઉઠાવ્યો હતો. લોકશાહી પ્રક્રિયામાં વિપક્ષના નેતાનો અભિપ્રાય મહત્વનો હોય છે. રાહુલ ગાંધીએ અધિકારીઓની પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા અને યોગ્ય માપદંડોને લઈને પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો અને રેકોર્ડ પર પોતાની અસંમતિ નોંધાવી હતી. આનો અર્થ એ થયો કે સરકાર જે નામો પર આગળ વધવા માંગતી હતી, તેની સાથે વિપક્ષ સહમત નહોતો. સરકારે આ પ્રક્રિયામાં ઝડપ એટલા માટે લાવી પડી છે કારણ કે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ૧ ડિસેમ્બરના રોજ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને બાંહેધરી આપી હતી કે ૧૦ ડિસેમ્બરે ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠક મળશે અને નિમણૂકો માટે નામોની ભલામણ કરશે. હાલમાં CIC ની સ્થિતિ ચિંતાજનક છે. સત્તાવાર વેબસાઈટ મુજબ, આયોગમાં ૩૦,૮૩૮ જેટલા કેસો પેન્ડિંગ છે. આટલા મોટા ભારણ સામે અત્યારે માત્ર બે જ માહિતી કમિશનર (આનંદી રામલિંગમ અને વિનોદ કુમાર તિવારી) ફરજ બજાવી રહ્યા છે, જ્યારે બાકીના ૮ પદો ખાલી હોવાથી કામગીરી ખોરંભે પડી છે.

માહિતી કમિશનરની નિમણૂક માટેની પ્રક્રિયા બંધારણીય રીતે નક્કી થયેલી છે. આ માટેની પસંદગી સમિતિના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે. સમિતિમાં લોકસભાના વિપક્ષના નેતા (હાલમાં રાહુલ ગાંધી) અને વડાપ્રધાન દ્વારા નામાંકિત કેન્દ્રીય કેબિનેટ મંત્રી (હાલમાં અમિત શાહ) સભ્યો તરીકે હોય છે. આ સમિતિ જે નામોની ભલામણ કરે છે, તેના આધારે રાષ્ટ્રપતિ દ્વારા આખરી નિમણૂક કરવામાં આવે છે. આ પહેલીવાર નથી જ્યારે કોંગ્રેસે CIC નિમણૂક પ્રક્રિયા સામે સવાલ ઉઠાવ્યા હોય. વર્ષ ૨૦૨૦ માં પણ તત્કાલીન લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ પસંદગી પ્રક્રિયા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે સરકાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન્સનું પાલન કર્યા વગર પોતાની મરજી મુજબ નિમણૂકો કરી રહી છે. રાહુલ ગાંધીનો વર્તમાન વિરોધ પણ પારદર્શિતાના મુદ્દે જ હોવાનું મનાય છે.

### પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું

# ગુજરાતના ૭.૯૮ લાખ ખેડૂતોને ખાતામાં ૨૪૩૦ કરોડ રૂપિયા સહાય આવી

## ૧૧,૧૨,૫૮૫ ખેડૂતોને સહાય પૂરી પાડવા માટે કુલ રૂ. ૩૩૨૦.૮૯ કરોડના ઓનલાઇન બીલો તૈયાર કરાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. જે સંદર્ભે કૃષિ રાહત પેકેજ અંગે પ્રેસ-મીડિયાને વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં ૧૧,૧૨,૫૮૫ ખેડૂતોને સહાય પૂરી પાડવા માટે કુલ રૂ. ૩૩૨૦.૮૯ કરોડના ઓનલાઈન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૭,૯૮,૯૭૨ ખેડૂતોને રૂ. ૨૪૩૦.૭૫ કરોડની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું કે, કમોસમી વરસાદની અણધારી આફતમાં ખેડૂતોને સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે રેકોર્ડ બ્રેક સમયમાં રૂ. ૧૦ હજાર કરોડ કરતાં વધુનું ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. જે અંતર્ગત સહાય મેળવવા માટે રાજ્યના કુલ ૩૦,૭૧,૮૪૬ ખેડુતોએ ઓનલાઈન અરજી કરી છે. જેમાં આજદિન સુધીમાં તબક્કાવાર કાર્યવાહી કરી કુલ ૨૦,૮૧,૧૨૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આ ઉપરાંત ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫માં ભારે વરસાદથી અસરગ્રસ્ત જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જિલ્લામાં થયેલા પાક નુકશાન સામે સહાય મેળવવા કુલ ૨,૨૮,૩૭૬ ખેડૂતોએ અરજી કરી છે. જે પૈકી કુલ ૧,૭૨,૧૬૫ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આ પેકેજ અંતર્ગત અત્યાર સુધીમાં ૯૧,૫૮૯ ખેડૂતોને સહાય પૂરી પાડવા માટે કુલ રૂ. ૩૧૧.૮૭ કરોડ ઓનલાઈન બીલો તૈયાર કરી દેવામાં આવ્યા છે. જે પૈકી અત્યાર સુધીમાં ૬૮,૭૮૭ ખેડૂતોને રૂ. ૨૪૬.૭૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.પ્રવક્તા મંત્રીએ રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદીની વિગતો આપતા કહ્યું હતું કે, આજદિન સુધીમાં રાજ્યના કુલ ૩,૭૯,૩૬૭ ખેડૂતો પાસેથી રૂ. ૬૦૪૯.૧૫ કરોડના મૂલ્યની ૮,૪૧,૪૯૪.૯૦ મે.ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી પૂર્ણ કરવામાં આવી છે અને ૧,૪૭,૦૧૭ ખેડૂતોને રૂ. ૨૩૭૬.૪૫ કરોડનું ચૂકવણું પણ કરવામાં આવ્યું છે.

### દર્દીઓના સગા-સંબંધીઓ માટે રહેવા-જમવાની હશે સુવિધા

# રાજ્યની ૧૪ સરકારી હોસ્પિટલોમાં બનશે વિશ્રામગૃહ

## રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં દર્દીઓના સગા-સંબંધીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો

નવી દિલ્હી, તા.૧૦

રાજ્યની કુલ ૧૪ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓના પરિવારજનોને રહેવા-જમવાની સુવિધા મળી રહે તે માટે વિશ્રામગૃહ (રેન બસેરા) બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે સેવાદાન ફાઉન્ડેશન-અમદાવાદને જમીન લીઝ પર આપવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં દર્દીઓના સગા-સંબંધીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કેબિનેટ બેઠક બાદ કહ્યું કે દૂર-દૂરના ગામોમાંથી પોતાના સ્વજનોની સારવાર માટે સરકારી હોસ્પિટલ આવતા અનેક લોકોને શહેરોમાં રહેવા-જમવાની મુશ્કેલી પડતી હતી. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને હવે હોસ્પિટલોની નજીક જ આરામદાયક વિશ્રામગૃહ બનાવવાનો નિર્ણય કરાયો છે.સેવાદાન ફાઉન્ડેશન દ્વારા કુલ ૧૪ સરકારી સિવિલ/જનરલ હોસ્પિટલો ખાતે આ રેન બસેરા બનાવવામાં આવશે. કયા જિલ્લાઓની કઈ હોસ્પિટલોમાં વિશ્રામગૃહ બનાવાશે તેની પર નજર કરીએ.GMERS જનરલ હોસ્પિટલોઃ પોરબંદર, ગોધરા, અને મોરબી.

જનરલ હોસ્પિટલોઃ લુણાવાડા, અમરેલી, નડિયાદ, વેરાવળ, ડીસા, વ્યારા, જામખંભાળીયા, આણંદ, બોટાદ, અને મોડાસા.

મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલઃ જામનગર (એમ.પી. શાહ મેડિકલ કોલેજ).આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ લોકહિતનો છે, જેનાથી ગરીબ અને દૂરના વિસ્તારોમાંથી આવતા દર્દીઓના પરિવારજનોને મોટી રાહત મળશે. આ વિશ્રામગૃહોમાં દર્દીઓના સગા-સંબંધીઓને સ્વચ્છ આરામદાયક રૂમો, શુદ્ધ ભોજન અને પીવાના પાણી સહિતની મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ રેન બસેરા સંપૂર્ણપણે લોકહિતના ઉદ્દેશ સાથે તૈયાર કરવામાં આવશે, જેનાથી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ પર પણ માનસિક દબાણ ઘટશે અને તેમના સગા-સંબંધીઓને આશરો મળશે.

### ચોકલેટની લાલચ આપીને પાણીના ટાંકા પાછળ લઈ ગયો હતો

# રાજકોટમાં બાળકી સાથેની બર્બરતામાં નરાધમની ધરપકડ થઈ

## રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની રામસિંગની ધરપકડ કરવામાં આવી છે

રાજકોટ,તા.૧૦

ગ્રામ્યના આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગત ચોથી ડિસેમ્બરના રોજ ત્રણ સંતાનોના પિતાએ સાત વર્ષની માસુમ બાળકી સાથે દુષ્કર્મ આચરી બર્બરતા પૂર્વક બાળકીના ગુપ્તાંગના ભાગે એક ફૂટ લાંબો લોખંડનો સળિયો ઘુસાડી ગંભીર પ્રકારે ઈજા પહોંચાડી હોવાનું સામે આવ્યું છે. ત્યારે બનાવ સંદર્ભે આઠ ડિસેમ્બરના રોજ બનાવ સંદર્ભે આટકોટ પોલીસ સ્ટેશન ખાતે ભોગ બનનાર બાળકીના પિતાએ BNSની કલમ ૬૫(૨) તેમજ પોક્સોની કલમ ૬, 5(I), 5(M) મુજબ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવતા તાત્કાલિક અસરથી રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની રામસિંગની ધરપકડ કરવામાં આવી છે.આ સમગ્ર મામલે રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા મીડિયા સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું કે, ગત ચોથી ડિસેમ્બરના રોજ બાળકી વાડીમાં રમી રહી હતી. ત્યારે આરોપી રામસિંગ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે બાળકીને જોઈ જતા તેની નજર બગડી હતી. તેમજ ત્યાર બાદ બાળકીને ચોકલેટની લાલચ આપીને પાણીના ટાંકા પાછળ લઈ ગયો હતો. તેમજ ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચરી લોખંડનો સળિયો તેના ગુપ્ત ભાગમાં નાંખી તેને ગંભીર રીતે ઈજા પહોંચાડવામાં આવી હતી.સમગ્ર મામલાની જાણ થતા તાત્કાલિક અસરથી રાજકોટ ગ્રામ્ય પોલીસની જુદી જુદી ૧૦ ટીમો બનાવી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ટેકનિકલ મદદ લઈ ટાવર ડમ્પિંગ ડેટાનું એનાલિસિસ પણ કરવામાં આવ્યું હતું. તેમજ બનાવ સંદર્ભે પોલીસે આસપાસના ગ્રામ્ય વિસ્તારોના સીસીટીવી ફૂટેજ મેળવીને એનાલિસિસ કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોમાં રહેતા ૧૦૦ જેટલા શકમંદોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. તેમજ તમામ શકમંદોની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી હતી. જે પ્રક્રિયા અંતર્ગત ૧૦ જેટલા શકમંદોને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમના ફોટોગ્રાફ્સ ભોગ બનનાર બાળકીને હોસ્પિટલમાં બતાવવામાં આવ્યા હતા. ૧૦ પૈકી ૧ શકમંદને બાળકીએ ફોટાના માધ્યમથી ઓળખી બતાવ્યો હતો. ત્યારબાદ પોલીસ દ્વારા તેની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરવામાં આવતા તેણે ગુનાની કબુલાત આપી હતી.મંગળવારના રોજ આરોપીની ધરપકડ બતાવવામાં આવી છે. ગુનાના કામે આરોપીને બુધવારના રોજ કોર્ટમાં રજૂ કરીને તેના સાત દિવસના રિમાન્ડની માંગણી પણ કરવામાં આવશે. બનાવ બન્યાના પ્રથમ બે દિવસ સુધી બાળકી મેન્ટલ શોકમાં હોવાનું પણ સામે આવ્યું હતું. ક્રમશઃ દીકરીની માનસિક તેમજ શારીરિક સ્વસ્થતામાં સુધારો થઈ રહ્યો છે. બનાવ સંદર્ભે ડીજીપી ગુજરાત વિકાસ સહાય તેમજ ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે. બનાવને લઈને તાત્કાલિક અસરથી વહેલામાં વહેલી તકે ચાર્જશીટ તેમજ ભોગ બનનાર દીકરી તેમ તેના પરિવારજનોને ન્યાય મળે તે પ્રકારે ન્યાયીક પ્રક્રિયા પણ પૂર્ણ થાય તે માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવશે. બનાવ સંદર્ભે સ્થળ પર એફએસએલની ટીમને પણ લઈ જવામાં આવી હતી. તેમજ બનાવ સંદર્ભે કેટલાક વૈજ્ઞાનિક પુરાવાઓ પણ એકત્રિત કરવામાં આવ્યા છે.

### વિકાસ માટેની જેટી વિનાશ નોતરે તેવી દહેશત

# જાફરાબાદના શિયાળબેટ અને માછીમારો પર સંકટ

## માછીમારોના બોયા કાઢી નાખવામાં આવ્યા છે અને જાળને નુકસાન પહોંચ્યું છે જેના કારણે પેઢી દર પેઢીથી ચાલી આવતી માછીમારોની રોજગારી પર સંકટ ઊભું થયું

અમરેલી,તા.૧૦

હાલ જાફરાબાદના શિયાળબેટ માટે વિકાસ અને વિનાશ એક સિક્કાની બે બાજુ સમાન બન્યો છે! જાફરાબાદ તાલુકાના શિયાળબેટ નજીક આવેલ પીપાવાવ પોર્ટમાં ખાનગી કંપની મારફતે LPG ગેસ જેટી માટે ડ્રેજિંગની કામગીરી શરૂ થતાં શિયાળબેટ ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના કહેવા પ્રમાણે ડ્રેજિંગના કારણે માછીમારોને મોટું નુકસાન થઈ રહ્યું છે. માછીમારોના બોયા કાઢી નાખવામાં આવ્યા છે અને જાળને નુકસાન પહોંચ્યું છે. જેના કારણે પેઢી દર પેઢીથી ચાલી આવતી માછીમારોની રોજગારી પર સંકટ ઊભું થયું છે.

ડ્રેજિંગ ખૂબ ઊંડાણ પૂર્વક દરિયામાં કરવામાં આવે છે જેના કારણે અંદર રહેલા પથ્થર બહાર કાઢવામાં આવે છે, જે ટાપુ પર આવેલા શિયાળબેટ ગામ માટે જોખમ ઊભું કરી શકે છે. જેથી દરિયાઈ નિષ્ણાંત ટીમો સાથે ડ્રેજિંગની કામગીરી કરવામાં આવે તેવી માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. જો માંગ નહીં સંતોષાય તો કામ અટકાવવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

આજે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકી, શિયાળબેટ સરપંચ, ગ્રામજનો સાથે અમરેલી કલેકટર વિકલ્પ ભારદ્વાજ સમક્ષ રજૂઆતો કરવામા આવી હતી કે ઉદ્યોગના કારણે ગામ આખુ બરબાદ થઈ જાય એવું નહીં ચાલે. ઉદ્યોગનો કોઈ વિરોધ નથી પણ ગ્રામજનોને કોઈ નુકસાન ન જાય અને રોજીરોજી મળી રહે તે પણ મહત્વનું છે. હીરા સોલંકીએ કહ્યું હતું કે જાફરાબાદ તાલુકામાં શિયાળબેટ ટાપુ છે, અહીંયા પીપાવાવ પોર્ટમાં જેટીનું કામ શરૂ થયુ છે. અનેક માછીમારો રહે છે. ત્યારે આ બોટ આવવાના કારણે માછીમારોને મોટું નુકસાન થઈ રહ્યું છે. પોર્ટવાળા કોઈ ધ્યાન આપતા નથી. અનેક વખત રજૂઆત છતાં કોઈ નિરાકરણ આવ્યું નથી. ડ્રેજિંગના કારણે શિયાળબેટનું અસ્તિવત જ ભુસાઈ જશે. બોયા અને જાળમાં ખૂબ નુકસાન થઈ રહ્યું છે છતાં વળતર આપવામાં આવતું નથી.

શિયાળ બેટ સરપંચ મંજુબેન બાળધીયાએ જણાવ્યું કે 'અત્યારે પીપાવાવ પોર્ટની નવી જેટીનું નિર્માણ થાય છે જેના કારણે ડ્રેજિંગના કારણે શિયાળબેટને મોટું નુકસાન થાય છે, નાના પાયાના માછીમારીનો ધંધો કરે છે તેનું રોજીરોટીનો પ્રશ્ન છે, બોયા તોડી નાખ્યા છે પીપાવાવ બંદર એટલી મોટી કંપની હોવા છતાં ૫૦ ટકા ગ્રામજનોને કામે રાખતા નથી કોઈ જાતની નોકરી આપતા નથી.'

### અમદાવાદમાં ૮ લાખનો જથ્થો જપ્ત

# ગુજરાતમાં ઉત્તરાયણ પહેલાં ચાઈનીઝ દોરી પર ખાસ કાર્યવાહી

## અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ૯૦ ચાઈનીઝ દોરી ના ટ્રેલર જપ્ત કર્યા છે જેની કિંમત ૧૮,૯૦૦ રૂપિયા છે

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને શહેર પોલીસે ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગને રોકવા માટે સઘન ઝુંબેશ હાથ ધરી છે, જેમાં મોટી માત્રામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તેને અનુલક્ષીને શહેરભરમાં જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે.

અધિક પોલીસ કમિશ્નર, વિશેષ શાખાની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસાર શહેરમાં ચાઈનીઝ દોરીના દાખલ થયેલા ગુનાઓની માહિતીમાં પોલીસે કુલ ૮,૪૬,૬૫૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.અમદાવાદમાં જપ્ત થયેલા જથ્થામાં કુલ ૨૧૪૫ ચાઈનીઝ દોરીના ટ્રેલર અને ૪૦ ફિરકીઓનો સમાવેશ થાય છે. નોંધાયેલા કેસોમાં, રામોલ પોલીસ સ્ટેશનમાં સૌથી વધુ ૨૦૪૦ ટ્રેલર જપ્ત કરવામાં આવ્યા, જેની કિંમત ૮,૧૬,૦૦૦ રૂપિયા છે. આ ઉપરાંત, સરખેજ પોલીસે ૮૦૦૦ રૂપિયાની કિંમતની ૪૦ ફિરકીઓ જપ્ત કરી છે. અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ૯૦ ચાઈનીઝ દોરીના ટ્રેલર જપ્ત કર્યા છે જેની કિંમત ૧૮,૯૦૦ રૂપિયા છે તે જપ્ત કરવામાં આવ્યા છે. શહેરકોટડા પોલીસે ૩,૭૫૦ રૂપિયાના ૧૫ ટ્રેલર જપ્ત કર્યા છે. સાથે જ, એક ઓટો રિક્ષા પણ મુદ્દામાલ તરીકે પકડાઈ છે જેની કિંમત ૧,૭૦,૦૦૦ છે.ર્ીક્ષ્ટ્રિૈષ્ઠ ઈીકીીહિષ્ઠીઆ તમામ ગુનાઓ મુખ્યત્વે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૨૩ તથા જી.પી. એક્ટ ની કલમ ૧૧૩, ૧૧૭, અને ૧૩૧ હેઠળ દાખલ કરવામાં આવ્યા છે.ચાઈનીઝ દોરીના જોખમો અંગે લોકોને જાગૃત કરવા અમદાવાદ શહેર પોલીસ દ્વારા ઉત્તરાયણ-૨૦૨૬ના સંદર્ભમાં વિવિધ જગ્યાએ જનજાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ વિવિધ સ્થળોએ, શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે અને જાહેર જનતા સાથે બેનરો અને પોસ્ટરો દ્વારા સંવાદ કરી તેમને ચાઈનીઝ દોરીથી થતાં નુકસાન અંગે જાગૃત કર્યા હતા, જેથી નાગરિકોને ચાઈનીઝ દોરીના ઉપયોગથી દૂર રહેવા માટે પ્રોત્સાહિત કરી શકાય.આ કાર્યવાહી દ્વારા જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ કમિશ્નરએ શહેરના નાગરિકોને અપીલ કરી છે કે, ઉત્તરાયણનો તહેવાર સલામત રીતે ઉજવવામાં આવે અને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ કે ઉપયોગ અંગે કોઈ પણ માહિતી હોય તો પોલીસને તેની જાણ કરવામાં આવે.

# દિવાળી યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની યાદીમાં સામેલ થઈ

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા અને મહત્ત્વપૂર્ણ પર્વ દિવાળીને વૈશ્વિક સ્તરે એક મોટી ઓળખ મળી છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુનેસ્કો (UNESCO) એ દિવાળીના તહેવારને પોતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની યાદીમાં સામેલ કરી લીધો છે. આ ઐતિહાસિક નિર્ણય દિલ્હી સ્થિત લાલ કિલ્લામાં આયોજિત યુનેસ્કોની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો, જે ભારત માટે એક અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ છે. આ પ્રથમ વખત છે જ્યારે ભારતમાં યુનેસ્કોની આ પ્રકારની બેઠકનું આયોજન થયું હોય, અને આ જ બેઠકમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ એવા દિવાળી પર્વને વૈશ્વિક વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે. જેવી આ જાહેરાત કરવામાં આવી, કે તરત જ બેઠકમાં વંદે માતરમ અને ભારત માતા કી જયના નારા ગુંજી ઉઠ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ શેર કરી હતી. તેમણે લખ્યું, "દેશ અને દુનિયાના લોકોમાં ગજબનો ઉત્સાહ છે. દિવાળી આપણી સંસ્કૃતિ અને મૂલ્યોની ખૂબ નજીક છે. તે આપણી સભ્યતાની આત્મા છે. તે જ્ઞાન અને ધર્મનું પ્રતીક છે. યુનેસ્કોની અમૂર્ત વિરાસત સૂચિનો ભાગ બન્યા બાદ દિવાળીને વિશ્વભરમાં વધુ લોકપ્રિયતા મળશે. હું આશા રાખું છું કે પ્રભુ શ્રીરામના આદર્શો હંમેશા આપણું માર્ગદર્શન કરતાં રહેશે." દિવાળીના સમાવેશ સાથે, હવે યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક સૂચિમાં ભારતની કુલ ૧૬ વિરાસતો સામેલ થઈ ગઈ છે. આ યાદીમાં આ પહેલાં ગુજરાતના ગરબા, બંગાળની દુર્ગા પૂજા, કુંભ મેળો, યોગ, રામલીલા અને વૈદિક મંત્રોના ઉચ્ચારણ જેવી પરંપરાઓનો સમાવેશ થાય છે.

# ૨૦૨૭ની વસતી ગણતરી સંપૂર્ણ ડિજિટલી કરાશે

## સાંસદ સનાતન પાંડેના લેખિત પ્રશ્નનો જવાબ આપતા મંત્રી રાયે જણાવ્યું કે, ડિજિટલ પોર્ટલ તૈયાર થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૭ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી ડિજિટલ માધ્યમથી કરવાનો નિર્ણય લીધો છે. મંગળવારે લોકસભામાં આ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું કે, ભારતના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે જ્યારે વસ્તી ગણતરી પરંપરાગત કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઈલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.સાંસદ સનાતન પાંડેના લેખિત પ્રશ્નનો જવાબ આપતા મંત્રી રાયે જણાવ્યું કે, વસ્તી ગણતરી માટે એક વિશેષ ડિજિટલ પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના દ્વારા સમગ્ર દેશમાં પ્રક્રિયાઓનું મોનિટરિંગ અને વ્યવસ્થાપન કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે નાગરિકો પોતે તેમની માહિતી ઓનલાઈન ભરી શકશે, જ્યારે ફિલ્ડ અધિકારીઓ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરશે.

વસ્તી ગણતરીની નિર્ધારિત પદ્ધતિ મુજબ, દરેક વ્યક્તિની માહિતી તે સ્થળે નોંધવામાં આવશે જ્યાં તે ગણતરીના સમયગાળા દરમિયાન હાજર હશે. આ સિસ્ટમ ૨૦૨૭માં પણ જાળવી રખાશે. આ ઉપરાંત, વ્યક્તિનું જન્મસ્થળ, છેલ્લું નિવાસસ્થાન, વર્તમાન સ્થળે રહેવાનો સમયગાળો અને સ્થળાંતરનું કારણ જેવી પ્રવાસન સંબંધિત માહિતી પણ ડિજિટલ રીતે નોંધવામાં આવશે.મંત્રી રાયે એ પણ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી શરૂ થાય તે પહેલાં પ્રશ્નાવલીને કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર રાજપત્રમાં સૂચિત કરવામાં આવશે. આ પ્રક્રિયા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને તમામ રાજ્યો તેમજ એજન્સીઓને સમયસર તૈયારી કરવાની તક આપવા માટે અનિવાર્ય છે.સરકારનું માનવું છે કે ડિજિટલ વસ્તી ગણતરીના કારણે ડેટા પ્રોસેસિંગ ઝડપી બનશે, ભૂલોની શક્યતા ઘટશે અને અંતિમ રિપોર્ટ અગાઉની તુલનામાં વધુ ભરોસાપાત્ર તથા સમયસર ઉપલબ્ધ થઈ શકશે. નિષ્ણાતોના મતે, ડિજિટલ માધ્યમથી થયેલી આ વસ્તી ગણતરી ભવિષ્યના નીતિ નિર્માણ, શહેરી આયોજન, સ્થળાંતરના વલણો અને સામાજિક-આર્થિક સર્વેક્ષણોને વધુ સારી રીતે સમજવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ભારતની છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ માં થઈ હતી અને ૨૦૨૧ની વસ્તી ગણતરી કોવિડ-૧૯ મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી. આ સંજોગોમાં ૨૦૨૭ની ડિજિટલ વસ્તી ગણતરીને દેશના વસ્તી વિષયક ચિત્રને નવા સ્વરૂપમાં સમજવાની દિશામાં એક મોટી છલાંગ માનવામાં આવી રહી છે.

# ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ, પંકજ જોષીની GERC ના અધ્યક્ષ પદે નિમણૂક

અમદાવાદ,તા.૧૦

ગુજરાતના વહીવટી તંત્રમાં મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યના નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી અને પૂર્વ મુખ્ય સચિવ પંકજ જોષીની ગુજરાત વીજ નિયમન પંચના અધ્યક્ષ (ચેરમેન) તરીકે નિમણૂક કરવામાં આવી છે.

રાજ્ય સરકારે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી છે, જેમાં જણાવ્યું છે કે પંકજ જોષી આ પદનો કાર્યભાર સંભાળશે ત્યારથી તેમની નિમણૂક અમલમાં આવશે.

GERCએ રાજ્યના વીજ ક્ષેત્ર માટે એક મહત્ત્વપૂર્ણ નિયમનકારી સંસ્થા છે. આ પંચ રાજ્યમાં વીજળીના ટેરિફ (દરો) નક્કી કરવા, વીજ કંપનીઓના વહીવટ પર દેખરેખ રાખવા અને સમગ્ર ઊર્જા ક્ષેત્રમાં પારદર્શિતા જાળવવાની જવાબદારી નિભાવે છે.પંકજ જોષી ૧૯૮૯ બેચના IAS અધિકારી છે. તેમણે રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલય (CMO)માં અધિક મુખ્ય સચિવ (ACS) તરીકે પણ સેવા આપી હતી. પંકજ જોષી ઓક્ટોબર ૨૦૨૫ના અંતમાં ગુજરાત સરકારના મુખ્ય સચિવ પદેથી નિવૃત્ત થયા હતા. તેમને ઊર્જા, મહેસૂલ, શહેરી વિકાસ અને શિક્ષણ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં કાર્યભાર સંભાળ્યો છે.

### નાગરિકતા મળ્યા પહેલા જ વોટર કેવી રીતે બની ગયા?

# ૧૯૮૦ની મતદાર યાદી વિવાદમાં સોનિયા ગાંધીને કોર્ટની નોટીસ

## એફઆઇઆરની માંગ ફગાવતા મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને સેશન્સ કોર્ટમાં પડકારવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીની એક કોર્ટે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને વોટર લિસ્ટ કેસમાં નોટીસ જારી કરી છે. તેમના પર આરોપ છે કે તેઓ ભારતના નાગરિક બન્યા તે પહેલા જ વોટર બની ગયા હતાં.

દિલ્હીની રાઉઝ એવન્યુ સેશન્સ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં મેજિસ્ટ્રેટ કોર્ટના એ આદેશને પડકારવામાં આવ્યો છે જેમાં કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાની માંગને ફગાવી દેવામાં આવી હતી. આરોપ છે કે સોનિયા ગાંધીએ વર્ષ ૧૯૮૦માં પોતાના નામને મતદાર યાદીમાં સામેલ કરાવ્યું હતું. આ અરજી વકીલ વિકાસ ત્રિપાઠીએ દાખલ કરી છે. જે રાઉઝ એવન્યુ કોર્ટ બાર એસોસિએશનનાં ઉપાધ્યક્ષ પણ છે.

રાઉઝ એવન્યુ સેશન્સ કોર્ટે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીની વિરુદ્ધ કેસ દાખલ કરવાની માંગવાળી અરજી પર નોટિસ જારી કરી છે. આગામી સુનાવણી ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ થશે.

અરજી અનુસાર ૧૯૮૦ની મતદાર યાદીમાં સોનિયા ગાંધીનું નામ સામેલ હતું. જો કે તેમને સત્તાવાર રીતે ભારતીય નાગરિકતા ૩૦ એપ્રિલ, ૧૯૮૩ના રોજ મળી હતી. પ્રશ્ન એ થાય છે કે જ્યારે તે ભારતીય નાગરિક ન હતાં ત્યારે ૧૯૮૦ની મતદાર યાદીમાં તેમનું નામ કેવી રીતે સામેલ કરવામાં આવ્યું?

અરજીમાં એ પણ દાવો કરવામાં આવ્યો છે કે ૧૯૮૨માં તેમનું નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યું હતું. અરજકર્તાએ પ્રશ્ન કર્યો છે કે ૧૯૮૦માં મતદાર યાદીમાં નામ ક્યા પુરાવાઓને આધારે દાખલ કરવામાં આવ્યું હતું?

### કોણ બનશે PM મોદીના ઉત્તરાધિકારી?

# ભાજપ અને મોદીજી પરસ્પર ચર્ચા કરશે અને નિર્ણય લેશે : ભાગવત

**ચેન્નાઈમાં આયોજિત એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે આરએસએસ પ્રમુખ મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી વર્ષ સમારોહ અવસરે ચેન્નાઈમાં આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે મહત્વપૂર્ણ સવાલોના જવાબ આપ્યા. એક સવાલના જવાબમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે નરેન્દ્ર મોદી બાદ દેશના પ્રધાનમંત્રી પદની કમાન કોને સોંપવામાં આવશે તો ભાગવતે કહ્યું કે તેના પર ભાજપ અને મોદીજી પરસ્પર ચર્ચા કરશે અને કોઈ નિર્ણય લેશે.

ભાગવતે આ અવસરે તમિલનાડુમાં આરએસએસની મર્યાદિત ઉપસ્થિતિ ઉપર પણ ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે તમિલનાડુમાં ૧૦૦ ટકા રાષ્ટ્રવાદની ભાવના રહેલી છે પરંતુ કેટલીક કૃત્રિમ બાધાઓ આ ભાવનાને સંપૂર્ણ રીતે અભિવ્યક્તિને રોકી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે આ કૃત્રિમ ગતિરોધ વધુ સમય સુધી ટકશે નહીં અને આપણે તેને ખતમ કરવાની દિશામાં કામ કરવું પડશે. ભાગવતે એ વાત ઉપર પણ ભાર મૂક્યો કે તમિલનાડુની જનતા સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રહિત પ્રત્યે સમર્પિત રહી છે અને આ મૂલ્યોને વધુ મજબૂત કરવાની જરૂર છે.

પોતાના સંબોધનમાં ભાગવતે ભાષાની વિવિધતા અને સાંસ્કૃતિક ગર્વ ઉપર પણ વિચાર વ્યક્ત કર્યા. તેમણે તમિલનાડુના લોકોને આગ્રહ કર્યો કે તેઓ પોતાની માતૃભાષામાં વાતચીત કરે અને પોતાની પરંપરાગત જીવનશૈલીને સંભાળી રાખે. ભાગવતે એ પણ સવાલ ઉઠાવ્યો કે તમિલનાડુના લોકો તમિલમાં હસ્તાક્ષર કરવામાં કેમ ખચકાય છે. તેમણે ભારતીય ભાષાઓને સમાન મહત્વ આપતા કહ્યું કે તમામ ભારતીય ભાષાઓ આપણી પોતાની ભાષાઓ છે. આ સાથે જ તેમણે દક્ષિણ ભારતીય રાજ્યોની સંસ્કૃતિને બિરદાવી. ખાસ કરીને અહીંના પરંપરાગત પોષાક વેષ્ટિ અંગે જે લોકોના સાંસ્કૃતિક જોડાણને દર્શાવે છે.

### અમિત શાહે ગણાવી કોંગ્રેસની ત્રણ વોટ ચોરી


# નેહરૂનું પ્રધાનમંત્રી બનવું પ્રથમ વોટ ચોરી હતી : અમિત શાહ

**અમિત શાહે કહ્યું કે વિપક્ષ એસઆઈઆર પર જુઠ્ઠાણા ફેલાવી રહ્યું છે : આ પહેલા નેહરૂ રાજમાં 3 અને કોંગ્રેસ રાજમાં ૧૧ વખત SIR પ્રક્રિયા થઈ છે**

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચામાં બોલતા વિપક્ષના આરોપો પર પલટવાર કર્યો છે. તેમણે કોંગ્રેસ પર પણ પ્રહાર કર્યો છે. અમિત શાહે કહ્યુ કે નેહરૂ રાજમાં ૩ અને કોંગ્રેસ રાજમાં ૧૧ વખત SIR થઈ છે. આજકાલ એક ફેશન બની ગઈ છે, જ્યારે આપણે ઈતિહાસ જણાવીએ છીએ તો આ નારાજ થઈ જાય છે. સૌથી પહેલા એસઆઈઆર ૧૯૫૨મા થયું. તે સમયે નેહરૂજી પ્રધાનમંત્રી હતા. પછી ૧૯૫૭ અને ૧૯૬૧મા એસઆઈ આર પ્રક્રિયા થઈ. આ રીતે તેમણે જણાવ્યું કે કોંગ્રેસ રાજમાં ૧૧ વખત SIR પ્રક્રિયા પૂરી કરવામાં આવી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "ચૂંટણી પંચની રચના ભારતના બંધારણના અનુચ્છેદ ૨ હેઠળ કરવામાં આવી હતી. એક અર્થમાં, ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે. જ્યારે તેની જોગવાઈઓ કરવામાં આવી હતી, ત્યારે અમારી પાર્ટીની રચના હજુ થઈ ન હતી. ચૂંટણી પંચને મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેને મતદાર યાદીમાં સુધારો કરવાની પણ જવાબદારી સોંપવામાં આવી છે."

અમિત શાહે કહ્યું કે જ્યાં સુધી મત ચોરીનો સવાલ છે, ત્યાં સુધી કોણ પ્રધાનમંત્રી બનશે તે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખોના મતો દ્વારા નક્કી કરવામાં આવતું હતું. ૨૮ પ્રદેશ પ્રમુખોએ સરદાર પટેલને અને બેએ પંડિત નેહરુને મત આપ્યા. પંડિત નેહરુ વડાપ્રધાન બન્યા. મત ચોરીનો બીજો પ્રકાર અનૈતિક રીતે ચૂંટણી જીતવાનો છે. ઈન્દિરા ગાંધી રાયબરેલીથી ચૂંટણી જીતી હતી, અને રાજ નારાયણ કોર્ટમાં ગયા હતા. કોર્ટે



નક્કી કર્યું કે ઈન્દિરા ગાંધી અનૈતિક રીતે જીતી હતી.

આને ઢાંકવા માટે, સંસદમાં એક કાયદો પસાર કરવામાં આવ્યો હતો જેમાં વડા પ્રધાન સામે કેસ દાખલ થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વિપક્ષી નેતાએ ચૂંટણી પંચની રોગપ્રતિકારકતા વિશે પ્રશ્ન પૂછ્યો. હું તેનો જવાબ આપીશ, પરંતુ ઈન્દિરા ગાંધી દ્વારા પોતાના માટે તે રોગપ્રતિકારકતા છીનવી લેવાનું શું? વિપક્ષના હોબાળાના જવાબમાં અમિત શાહે કહ્યું કે મોદીજીને લોકોએ વડા પ્રધાન બનાવ્યા હતા, તમારી કૃપાથી નહીં. તેમનો આરોપ સાચો નથી. ઈન્દિરા ગાંધીએ ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશોને બાયપાસ કરીને ચોથા ક્રમના ન્યાયાધીશને મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા. ત્રીજા પર મત ચોરીનો આરોપ હતો, પરંતુ તેમની પાસે લાયકાતનો અભાવ હતો અને તેઓ મતદાર બન્યા. તાજેતરમાં એક મુકદમો દાખલ કરવામાં આવ્યો છે જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે સોનિયા ગાંધી આ દેશના નાગરિક બનતા પહેલા મતદાર હતા. વિપક્ષના હોબાળાના જવાબમાં શાહે કહ્યું કે આ કેસ ચાલી રહ્યો છે અને તથ્યપૂર્ણ છે. સોનિયા ગાંધીએ કોર્ટમાં જવાબ આપવો પડશે. કેસી વેણુગોપાલે કહ્યું કે સોનિયા ગાંધી તે ચૂંટણીમાં મતદાર નહોતા. હું ગૃહમંત્રીને આ સાબિત કરવા પડકાર ફેંકું છું. વિપક્ષે નિયમ ઉપર હેઠળ વાંધો ઉઠાવ્યો. સ્પીકરે જવાબ આપ્યો, "અમે પણ તે વાંચ્યું છે.

ગૃહમંત્રીએ કોઈ નિર્ણય આપ્યો નથી. એક કેસ સામે આવ્યો છે, અને મેં ફક્ત તેનો સંદર્ભ આપ્યો છે." અમિત શાહે કહ્યું, "મેં હજુ સુધી કોઈ નિષ્કર્ષ આપ્યો નથી. તેમના જવાબ પછી હું નિષ્કર્ષ આપીશ." મત ચોરીના વિપક્ષના આરોપનો વિરોધ કરતા અમિત શાહે કહ્યું કે મંજુ દેવીએ કહ્યું કે કોંગ્રેસના કાર્યકરોએ તેમને ખોટી માહિતી આપી. "મારા જવાબથી વિપક્ષ પાસે કોઈ મુદ્દો રહેશે નહીં," તેમણે કહ્યું. વિપક્ષી નેતાએ પોતે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે મતદાર યાદી ખોટી છે. જીંઈ તેને સુધારી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે તેઓ દાવો કરે છે કે સત્તા વિરોધી ભાવનાનો ભાજપ સરકારો પર કોઈ પ્રભાવ નથી. એ સાચું છે કે કેન્દ્ર સરકારથી લઈને રાજ્ય સુધીની આપણી સરકારો વારંવાર ચૂંટાઈ આવી છે. પરંતુ એ સાચું નથી કે ૨૦૧૪ પછી આપણે કોઈ ચૂંટણી હાર્યા નથી. કર્ણાટક, તેલંગાણા અને છત્તીસગઢના ઉદાહરણો આપતા તેમણે કહ્યું કે જ્યારે તમે જીતો છો, ત્યારે ચૂંટણી પંચ મહાન છે. જ્યારે તમે હારો છો, ત્યારે ચૂંટણી પંચ નકામું છે.

### લોકસભામાં બોલ્યા ગૃહમંત્રી અમિત શાહ

# SIR પર સંસદમાં ચર્ચા ન થઈ શકે, મતદાર યાદીમાં સુધારો ચૂંટણી પંચની જવાબદારી

**અમે ભાજપ અને NDA ક્યારેય ચર્ચાથી ભાગ્યા નથી, સંસદ સૌથી મોટી પંચાયત છે : ગૃહમંત્રી અમિત શાહ**

નવી દિલ્હી, તા.૧૦

લોકસભામાં આજે (૧૦ ડિસેમ્બર) ચૂંટણી સુધારા પર ચર્ચા થઈ. આ ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, ડિમ્પલ યાદવ, રવિશંકર પ્રસાદ અને અસદુદ્દીન ઓવૈસી સહિત શાસક અને વિપક્ષ બંને પક્ષોના અગ્રણી નેતાઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. વિપક્ષના વક્તાઓએ માંગ કરી હતી કે ચૂંટણીઓ EVM ને બદલે મતપત્રનો ઉપયોગ કરીને કરવામાં આવે અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા અને મુખ્ય ન્યાયાધીશને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરતી સમિતિમાં સામેલ કરવામાં આવે.

ત્યારબાદ ગૃહમંત્રી અમિત શાહે ચૂંટણી સુધારા પર લોકસભાની ચર્ચાનો જવાબ આપ્યો છે.

લોકસભામાં ગૃહમંત્રીએ કહ્યું કે, સંસદ બે દિવસ સુધી ચાલી શકી નહીં. સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે અમે ચર્ચા ઈચ્છતા નથી. અમે ભાજપ અને NDA ક્યારેય ચર્ચાથી ભાગ્યા નથી. સંસદ સૌથી મોટી પંચાયત છે. SIR પર ચર્ચા કરવાનો ઈનકાર કરવા પાછળ કારણો હતા. વિપક્ષે SIR પર ચર્ચાની માંગ કરી. આ ચૂંટણી પંચનું કામ છે. જો આ અંગે ચર્ચા કરવામાં આવે તો કોણ જવાબ આપશે? જ્યારે તેઓ ચૂંટણી સુધારાઓ પર ચર્ચા કરવા સંમત થયા, ત્યારે અમે બે દિવસ તેમની ચર્ચા કરી. ગૃહમંત્રીએ કહ્યું કે, ચર્ચા ચૂંટણી સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે નક્કી કરવામાં આવી હતી, પરંતુ વિપક્ષી સભ્યોએ SIR પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મારે જવાબ આપવો પડશે. મેં અગાઉના તમામ SIRનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે અને હું મારા પોતાના તર્કથી કોંગ્રેસ પક્ષ દ્વારા ફેલાવવામાં આવેલા જુઠ્ઠાણાઓનો જવાબ આપવા માંગુ છું. ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે, તે એક સ્વતંત્ર સંસ્થા છે.

મતદાર યાદીમાં સુધારો ચૂંટણી પંચની જવાબદારી છે. મતદારો માટે ભારતનું નાગરિક હોવું જરૂરી છે. બંધારણમાં સુધારાની સ્પષ્ટ જોગવાઈ છે. ઈતિહાસને છોડીને આગળ ન વધી શકીએ. સરકાર દરેક મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છે.

### શાહીદ આફ્રિદીએ ગૌતમ ગંભીરની ટીકા કરી

# શાહીદ આફ્રિદીએ રોહિત અને કોહલીના કર્યા ભરપેટ વખાણ

**આફ્રિદીએ કહ્યું કે, ગૌતમ ગંભીર કોચ તરીકે જે કરી રહ્યા છે તે દર્શાવે છે કે તમે હંમેશા સાચા નથી હોતા**

ઈસ્લામાબાદ, તા.૧૦

વર્તમાન ભારતીય હેડ કોચ ગૌતમ ગંભીર અને પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન શાહીદ આફ્રિદીનો મેદાન અને મેદાનની બહાર ૩૬નો આંકડો રહ્યો છે. હવે પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરે વિરાટ કોહલી અને રોહિત શર્માના બહાને ગંભીરની ટીકા કરી છે.

આફ્રિદીએ કહ્યું કે, ગૌતમ ગંભીર કોચ તરીકે જે કરી રહ્યા છે તે દર્શાવે છે કે તમે હંમેશા સાચા નથી હોતા. સૌથી વધુ છગ્ગા ફટકારવાનો તેનો રેકોર્ડ તૂટવા અંગે આફ્રિદીએ કહ્યું કે, હું ખુશ છું કે રોહિત શર્મા જેવા ખેલાડીએ આ રેકોર્ડ તોડ્યો.

શાહીદ આફ્રિદીએ કહ્યું કે, વિરાટ કોહલી અને રોહિત શર્મા ભારતીય બેટિંગ લાઈનઅપની કરોડરજ્જુ છે અને ટીમે તેમને ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી રમાડવા જોઈએ.

આફ્રિદીએ આગળ કહ્યું કે, એ તથ્ય છે કે વિરાટ અને રોહિત ભારતીય બેટિંગ લાઈનઅપ કરોડરજ્જુ છે. અને જે રીતે તેમણે તાજેતરની વન-ડે સીરિઝમાં પ્રદર્શન કર્યું તે જોઈને વિશ્વાસ સાથે કહી શકાય કે, તેઓ ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી રમી શકે છે.

ગૌતમ ગંભીરની ટીકા કરતા આફ્રિદીએ કહ્યું કે, ગૌતમે જે રીતે પોતાનો કાર્યકાળ શરૂ કર્યો, તે જોતાં એવું લાગે છે કે તેમણે વિચાર્યું હતું કે, તે જે વિચારે છે અને કહે છે તે જ સાચું છે. પરંતુ થોડા જ સમયમાં એ સાબિત થઈ ગયું કે તમે હંમેશા સાચા નથી હોતા.

રોહિત શર્માએ દક્ષિણ આફ્રિકા સામેની વન-ડે સીરિઝમાં શાહીદ આફ્રિદીનો સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. આફ્રિદીએ વન-ડેમાં ૩૫૧ છગ્ગા ફટકાર્યા હતા અને હવે હિટમેનના નામે ૩૫૫ છગ્ગા છે. વન-ડેમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો પોતાનો રેકોર્ડ તૂટવા અંગે આફ્રિદીએ કહ્યું કે, રેકોર્ડ તૂટવા માટે જ હોય છે અને આ પણ સારું થયું છે. મને ખુશી છે કે એક એવા ખેલાડીએ આ રેકોર્ડ તોડ્યો જેને હું હું હંમેશાથી પસંદ કરતો આવ્યો છું.

આફ્રિદીએ આગળ કહ્યું કે, સૌથી ઝડપી સદીનો મારો રેકોર્ડ લગભગ ૧૮ વર્ષ સુધી રહ્યો, પરંતુ આખરે તે પણ તૂટ્યો હતો. તેથી કોઈ એક ખેલાડી રેકોર્ડ બનાવે છે, અને બીજો ખેલાડી આવે છે અને તે રેકોર્ડ તોડે છે. આ જ તો ક્રિકેટ છે.

### પેપર સ્ટાઈલમાં કરવામાં આવ્યો મોટો ફેરફાર

# CBSE એ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે જાહેર કરી નવી ગાઈડલાઈન

**ધોરણ ૧૦ ની બોર્ડ પરીક્ષા માટે વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન માટે પ્રશ્નો અને જવાબો લખવાની રીતમાં ફેરફાર**

નવી દિલ્હી, તા.૧૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ ૨૦૨૬ માં ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જારી કરી છે. આ માર્ગદર્શિકા આવતા વર્ષે બોર્ડની પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રહેશે. આ વર્ષે, બોર્ડે વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન બંને વિષયો માટે પ્રશ્નપત્ર અને ઉત્તરપત્રની લેખન શૈલી સંપૂર્ણપણે બદલી નાખી છે. નવી માર્ગદર્શિકા CBSE ની સત્તાવાર વેબસાઈટ, cbse.gov.in પર પણ ઉપલબ્ધ છે.

આ વર્ષથી, CBSE એ ધોરણ ૧૦ના વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રોને અલગ-અલગ વિભાગોમાં વિભાજીત કર્યા છે જેથી વિદ્યાર્થીઓના જવાબો વ્યવસ્થિત રીતે લખાય અને સમીક્ષા દરમિયાન મૂંઝવણ ટાળી શકાય. અગાઉ, વિદ્યાર્થીઓ આ વિષયો માટે સમાન ક્રમમાં જવાબો લખતા હતા, જેના કારણે ઘણીવાર મૂંઝવણભર્યા જવાબો મળતા હતા. હવે, બોર્ડે આ સમસ્યાને દૂર કરવા માટે કડક અને સ્પષ્ટ નિયમો લાગુ કર્યા છે.

CBSE અનુસાર, વિજ્ઞાનના પ્રશ્નપત્રને ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવશે. વિભાગ છ માં પહેલા બાયોલોજીના પ્રશ્નો હશે, ત્યારબાદ વિભાગ B માં કેમેસ્ટ્રીના અને અંતે વિભાગ C માં ભૌતિકશાસ્ત્ર. વિદ્યાર્થીઓએ તેમના જવાબો એક જ ક્રમમાં લખવાના રહેશે, ઉત્તરપત્રમાં ત્રણ અલગ અલગ વિભાગો બનાવશે. જો કોઈ વિદ્યાર્થી ભૂલથી જીવવિજ્ઞાન વિભાગમાં ભૌતિક શાસ્ત્રનો જવાબ લખી નાખે છે, તો તેમને તે પ્રશ્ન માટે કોઈ ગુણ મળશે નહીં.

તેવી જ રીતે, સામાજિક વિજ્ઞાન પ્રશ્નપત્ર ચાર વિભાગોમાં વહેંચાયેલું છે. વિભાગ છ ઈતિહાસના પ્રશ્નો માટે, વિભાગ B ભૂગોળ માટે, વિભાગ C રાજનીતિ વિજ્ઞાન માટે અને વિભાગ D અર્થશાસ્ત્ર માટે હશે. વિદ્યાર્થીઓએ ઉત્તરપત્રમાં ચાર અલગ અલગ વિભાગો પણ બનાવવાના રહેશે અને ફક્ત વિષયને અનુરૂપ વિભાગમાં જ જવાબો લખવાના રહેશે.

CBSE એ વિદ્યાર્થીઓને ત્રણ મુખ્ય સૂચનાઓ જારી કરી છે. પહેલી સૂચના એ છે કે વિજ્ઞાનની ઉત્તરપત્રમાં ત્રણ વિભાગો અને સામાજિક વિજ્ઞાનની ઉત્તરપત્રમાં ચાર વિભાગો બનાવવાના રહેશે. બીજી સૂચના એ છે કે એક વિભાગના જવાબો બીજા વિભાગમાં લખી શકાતા નથી. ત્રીજો અને સૌથી કડક નિર્દેશ એ છે કે જો કોઈ વિદ્યાર્થી આવું કરે છે, તો તેના જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં. બોર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આવી ભૂલ થવા પર રી-ચેકિંગ અથવા રી-ઈવેલ્યૂશનમાં પણ સ્થિતિને ઠીક નહીં કરી શકાય. આનો અર્થ એ થયો કે ભૂલ થયા પછી ગુણ ગુમાવવાનું જોખમ વધારે છે.

### ૨૨ લાખ નકલી મજૂરો હોવાનું સામે આવ્યું

# ગુજરાતમાં મળતિયાઓને કમાણી કરાવતી યોજના બની મનરેગા

**ગુજરાતમાં મનરેગા યોજના થકી આદિવાસીઓને રોજગાર આપવાનો માત્ર દેખાડો કરવામાં આવ્યો છે**

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના ભ્રષ્ટાચારો પર પુસ્તક લખાય તેવી નોબત આવી ગઈ છે. હજી આ વર્ષે જ ભાજપના મંત્રીના પુત્રોએ આચરેલા મનરેગા કૌભાંડની વિગતો બહાર આવી હતી, ત્યાં વધુ એક મનરેગા કૌભાંડ ખૂલ્યું છે. જેમાં ૨૨ લાખ નકલી મજૂરો હોવાનું સામે આવ્યું છે. ૯ ડિસેમ્બરના રોજ લોકસભામાં રજૂ કરાયેલા નવા સત્તાવાર ડેટામાં ગુજરાતમાં મનરેગા હેઠળ મોટા પાયે કાઢી નાખવામાં આવેલા નામોની ચિંતાજનક તસવીર રજૂ કરવામાં આવી છે. ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીમાં, ૭.૪૯ લાખથી વધુ જોબ કાર્ડ કાઢી નાખવામાં આવ્યા હતા, અને લગભગ ૨૨.૬૮ લાખ કામદારોને જોબ કાર્ડમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા, જે રાજ્યમાં પારદર્શિતા, પાત્રતા ચકાસણી અને ગ્રામીણ આજીવિકા સહાયના ભવિષ્ય પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

મંગળવારે લોકસભામાં એક નવા ડેટાના ખુલાસા અનુસાર, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાના ગુજરાતમાં અમલીકરણમાં પારદર્શિતા અને જવાબદારી પર ચર્ચા શરૂ થઈ છે. આંકડા કહે છે કે, ગુજરાતમાં જોબ કાર્ડ ડિલીટ કરવાના કેસમાં વાર્ષિક ધોરણે વધારો જોવા મળ્યો છે, જે ૨૦૧૯-૨૦માં ૪૦,૩૧૪ ડિલીટથી શરૂ થયો હતો, જે ૨૦૨૦-૨૧માં ૧,૩૧,૦૮૦ પર પહોંચ્યો, ૨૦૨૧-૨૨માં થોડો ઘટીને ૪૦,૨૮૯ પર પહોંચ્યો, અને ૨૦૨૨-૨૩માં ૧,૪૬,૧૪૧ ડિલીટ સાથે ફરીથી વધારો થયો.

ગુજરાતમાં મનરેગમાં મળતિયાઓને રૂપિયા કમાણી કરાવવામાં આવી રહી છે. આ યોજનામાં મોટાપાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યાં છે. ગુજરાતમાં મનરેગાં ૨૨ લાખ નકલી મજૂરો હોવાનું સામે આવ્યું છે. આ યોજના થકી આદિવાસીઓને રોજગાર આપવાનો માત્ર દેખાડો કરવામાં આવ્યો છે. ચોપડે જેટલા મજૂરો દર્શાવાયા હતા, તેટલા મજૂરો હકીકતમાં છે જ નહિ. ગુજરાતમાં મનરેગા યોજનામાં નકલી મજૂરોનો સિલસીલો છેક પાંચ વર્ષથી યથાવત છે.

આંકડો કહે છે કે, વર્ષ ૨૦૧૯-૨૦માં મનરેગા યોજનામાંથી ૧,૫૪,૬૫૪ મજૂરોના નામ રદ કરાયાં હતાં. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં આ સંખ્યા વધીને ૯,૭૫,૯૪૪ સુધી પહોંચી ગઈ છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આંકડા રજૂ કર્યા છે. જેમાં મનરેગામાં ગુજરાતમાં ચાલતી ગેરરીતિને ખુલ્લી પાડવામાં આવી છે.

આ ઉપરાંત મનરેગા માટે જોબકાર્ડ પણ બારોબાર તૈયાર કરવામાં આવી રહ્યાં છે. આ જોતાં છેલ્લાં પાંચેક વર્ષમાં જ ૭,૪૯,૯૭૩ જોબકાર્ડ કેન્સલ કરી દેવાયાં છે. આટલી મોટી સંખ્યામાં જોબકાર્ડ કેમ રદ કરી દેવાયાં છે અને ૨૨,૬૮,૭૫૬ મજૂરોને કેમ મનરેગા યોજનામાંથી દૂર કરાયાં તે મુદ્દે ગુજરાત સરકારે હજુ સુધી ખુલાસો કર્યો નથી.

કેન્દ્ર સરકારના રિપોર્ટ આધારે એ વાત સાબિત થઈ છે કે, લાખો મજૂરોને ચોપડે જ દર્શાવી દેવાયાં છે. ૧૦૦ દિવસ રોજગારી આપવાનો દેખાડો કરવા મળતિયાઓના નામ બારોબાર મજૂરો તરીકે દર્શાવી દેવાયાં હોવાની પણ આશંકા છે.

### દિયા મિર્ઝાએ થોડા દિવસે અગાઉ તેનો જન્મદિવસ ઉજવ્યો છે

# અભિનેત્રી દિયા મિર્ઝા બાળકો માટે પાંચ પુસ્તક લખશે

મુંબઈ, તા.૧૦

દિયા મિર્ઝાએ મંગળવારે તેનો જન્મદિવસ ઉજવ્યો છે અને સાથે જ તેના ફૅન્સ માટે એક સરપ્રાઈઝ પણ આપી છે. તે હાલ બાળકો માટે પાંચ પુસ્તકોની સિરીઝ લખી રહી છે. જ્યારે પુસ્તકો પ્રકાશિત થવાની તૈયારીમાં હશે, ત્યારે ૨૦૨૬માં પુસ્તકો વિશે વધુ માહિતી મળી શકે છે. જોકે, દિયાએ આ પુસ્તકો વિશે પ્રાથમિક માહિતી આપતાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે, ‘‘મારા માટે જીવનનો આ પડાવ હાલ સમગ્ર વિશ્વ સમાન છે પરંતુ યુવાન મન માટે કશુંક સર્જવું એ મારા માટે આ વર્ષનો સૌથી અર્થપુર્ણ અનુભવ રહ્યો છે. મારો દિકરો અવ્યાન ઘણો ઉત્સુક છે. મેં તેને આ વાર્તાઓ વાંચી સંભળાવી છે અને હું હવે તેને આ વાર્તાઓ ચિત્રો સાથે કહેવા ઉત્સુક છું. પરંતુ પ્રકાશકો તૈયારા થાય એટલે હું આ વિશે વધુ કહી શકીશ.’’ દિયા હમણા અન્ય એક કારણથી પણ ખુશ છે, તાજેતરમાં જ તેનાં પ્રોડક્શન હાઉસ પાંહાની શોર્ટ ફિલ્મને ઓલ લિવિંગ થિંગ્ઝ એન્વાયર્નમેન્ટલ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ જીતી છે. આ અંગે દિયાએ કહ્યું, ‘‘મેં બે સુંદર ફિલ્મ પ્રોડ્યુસ કરી છે. પાંહાએ તેની સફર એવોર્ડ્ઝ અને સ્પેશિયલ જ્યુરીની નોંધ સાથે શરૂ કરી છે. અમારી બીજી ફિલ્મ હવે ફેસ્ટિવલ્સમાં જઈ રહી છે. આ વર્ષે મારા માટે એ સત્યને ફરી પ્રસ્થાપિત કર્યું છે કે જ્યારે તમારા નિર્ણયો તમારા મુલ્યો દર્શાવતા હોય છે, ત્યારે જીવન વધુ ઊંડું, કરુણાસભર અને વધુ પરિણઆમો આપનારું બની જાય છે.’’

### લોકસભામાં બોલ્યા કંગના રનૌત

# વડાપ્રધાન મોદી EVM નહીં, દિલ હેક કરે છે

**કંગનાએ વિપક્ષ દ્વારા SIR વિરુદ્ધના સૂત્રોચ્ચાર અને વિપક્ષ દ્વારા હોબાળાને યાદ કરી ભાષણની શરૂઆત કરી**

નવી દિલ્હી, તા.૧૦

લોકસભામાં આજે શિયાળુ સત્રનાં સાતમાં દિવસે સાંસદ કંગના રનૌતે ચૂંટણી સુધારાઓ પર બોલતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરવાની સાથે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ચિંતા વ્યક્ત કરી કહ્યું કે, સંસદમાં આ વર્ષે યોજાયેલા તમામ સત્રો વિપક્ષના હંગામા વચ્ચે વિત્યા છે, તેથી નવા સાંસદ તરીકેનો મારો આ અનુભવ ચિંતાજનક છે. તેમણે વિપક્ષ દ્વારા વિવાદો, સૂત્રોચ્ચાર અને ગૃહની કાર્યવાહી અટકાવવાની રીતોને લોકશાહી વિરુદ્ધની ગણાવી છે. વિપક્ષ દ્વારા ઈવીએમ હેક કરવાના આક્ષેપોનો જવાબ આપતા કંગનાએ કહ્યું કે, વડાપ્રધાન મોદી ઈવીએમ હેક કરતા નથી, પરંતુ તેઓ લોકોના દિલ હેક કરે છે.

કંગનાએ વિપક્ષ દ્વારા SIR વિરુદ્ધના સૂત્રોચ્ચાર અને વિપક્ષ દ્વારા હોબાળાને યાદ કરી ભાષણની શરૂઆત કરી હતી. આ દરમિયાન કંગનાએ કહ્યું કે, ‘જ્યારે સરકાર કોઈ કામ આગળ વધારે છે, ત્યારે વિપક્ષો તેનો વિરોધ કરવા માટે નિયમો તોડે છે. વિપક્ષ પાસે કોઈ ચોક્કસ તથ્યો અને કોઈ સ્પષ્ટ રણનીતિ પણ નથી. જ્યારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી બોલવા ઉભા થયા હતા, ત્યારે આશા હતી કે, તેઓ કોઈ મોટો ખુલાસો કરશે, પરંતુ તેઓએ તથ્યો અને ગંભીરતા વગર ભાષણ કર્યું હતું.’ રાહુલ ગાંધીએ હરિયાણાના રાય વિધાનસભા મતવિસ્તારમાં ૧૦ બૂથ પર એક મહિલાએ અલગ અલગ નામથી ૨૨ મત આપ્યા હોવાનો અને તે મહિલા બ્રાઝિલિયન મોડેલ મેથ્યુસ ફેરેરો હોવાનો દાવો કર્યો હતો, જે મુદ્દે કંગનાએ વિદેશી મહિલાની તસવીર જાહેર કરવાની બાબતને ગંભીર અપમાન ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, ‘તે મહિલાએ જાતે જ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે, તેનો ભારત સાથે કોઈ સંબંધ નથી અને તે ભારત ક્યારેય આવી નથી. તેમ છતાં વિપક્ષે તે મહિલાની તસવીરનો દુરુપયોગ કર્યો. હું ગૃહ તરફથી તે મહિલાની માફી માગું છું. તેણીને ખોટી રીતે જાહેર કરીને વિપક્ષે મહિલાઓ સન્માનનું અપમાન કર્યું છે. કોંગ્રેસ મહિલાઓનું અપમાન કરવા જેવી બાબતોમાં વારંવાર સામેલ હોય છે, જ્યારે વડાપ્રધાને મહિલાઓના સન્માન અને સુરક્ષા માટે અનેક મહત્ત્વના પગલા ભર્યા છે.’

વિપક્ષો વારંવાર ઈફસ્માં ગડબડીના આક્ષેપો કરતા રહ્યા છે, ત્યારે કંગનાએ તેમના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે આકરા શબ્દોમાં કહ્યું કે, ‘જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે બેલેટ પેપરનાં સમયમાં ચૂંટણીમાં ગેરરીતિ થતી હતી. ઈન્દિરા ગાંધી વિરુદ્ધ રાજ નારાયણ કેસમાં ચૂંટણીમાં ગેરરીતિ થઈ હતી. આ કેસમાં એક વડાપ્રધાન દોષી ઠેરવાયા હતા. કોંગ્રેસ ઈવીએમ પર સવાલો ઉઠાવે છે, જ્યારે વાસ્તવિક ગેરરીતિ તેમના શાસનમાં થઈ હતી. સોનિયા ગાંધી ભારતીય નાગરિક બન્યા વગર મતદાન કરતા રહ્યા હતા.’

### સૌરાષ્ટ્રવાસીઓને મળી શકે છે મોટી ભેટ

# પીએમ મોદી જાન્યુઆરી મહિનામાં આવશે ગુજરાત

**મોદી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે અને ભવ્ય મેગા રોડ શો પણ યોજવાની સંભાવના**

ગાંધીનગર, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી જાન્યુઆરીમાં રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત માત્ર પ્રોટોકોલ સુધી સીમિત નહીં રહે, પરંતુ સૌરાષ્ટ્ર માટેના મોટા આર્થિક અને વિકાસકર્તા નિર્ણયોનું મંચ બનશે એવી ચર્ચા રાજ્ય તંત્રમાં ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદી રાજકોટમાં થનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે અને સાથે એક ભવ્ય મેગા રોડ શો પણ યોજવાની સંભાવના છે. તંત્રે આ કાર્યક્રમ માટે પહેલેથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજકોટમાં યોજાનારી આ રિજનલ વાયબ્રન્ટ સમિટ ત્રણ દિવસ સુધી ચાલશે. રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રને નવા માર્ગો પર લઈ જવા માટે આ સમિટને અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. દેશ–વિદેશના અગ્રણી ઉદ્યોગપતિઓ, ઈન્વેસ્ટરો અને કારોબારી જૂથો આ સમિટમાં જોડાશે. સમિટ દરમિયાન રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેન્યુફેક્ચરિંગ, સ્જીસ્ઈ અને એક્સપોર્ટ્સ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે. વડાપ્રધાન મોદી સમિટના ઉદ્ઘાટન સત્ર બાદ ઉદ્યોગપતિઓ સાથે વિશેષ ઈન્ટરએક્શન સેશનમાં ભાગ લેશે, જ્યાં રાજ્યમાં નવા રોકાણને આકર્ષવા માટે માર્ગદર્શન આપશે. સૂત્રોનું કહેવું છે કે પીએમનો કાર્યક્રમ માત્ર કોન્ફરન્સ પૂરતો સીમિત નહીં રહે. ‘‘રાજકોટમાં એક મેગા લેવલનો રોડ શો યોજાય તેવી પૂરી શક્યતા છે,’’ તંત્રના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું. રોડ શોની રૂટ ડિઝાઈન, સુરક્ષા, ભીડ વ્યવસ્થાપન અને કાર્યક્રમના સ્થળોને લઈને શહેર પોલીસ, કલેક્ટર ઓફિસ અને મ્યુનિસિપલ તંત્ર વચ્ચે સતત મીટિંગો ચાલી રહી છે. પીએમના રોડ શોને લઈને રાજકોટમાં સુરક્ષા વ્યવસ્થાની ખાસ આયોજન યોજના તૈયાર થઈ રહી છે. SPGની ટીમ આગામી દિવસોમાં શહેરની મુલાકાત લઈ તમામ પોઈન્ટની રિકી કરશે. શહેરના મુખ્ય માર્ગો, ચોરિયાઓ અને મોરચા રૂટ પર હાલ તાત્કાલિક મરામત કામ પણ શરૂ કરવામાં આવ્યું છે.

આ મુલાકાત દરમિયાન સૌરાષ્ટ્ર–કચ્છ રિજિયન માટે મોટી જાહેરાત પણ થઈ શકે છે એવી અંદરની ચર્ચા છે. છેલ્લા કેટલાક સમયમાં સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર, કનેક્ટિવિટી અને ઈરીગેશન સંબંધિત મોટા પ્રોજેક્ટ્સ માટે પ્રસ્તાવો રાજ્ય સરકારને મળ્યા છે. સૂત્રોનું કહેવું છે કે પીએમ મોદી આ ઉજવણી દરમિયાન કેટલીક યોજનાઓને મંજૂરી આપશે અથવા નવી પહેલની ઘોષણા કરશે. આગામી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને પણ રીજનલ વાયબ્રન્ટ કોન્ફરન્સને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રાજ્ય સરકારે જિલ્લાવાર રિજનલ સમિટ્સનું આયોજન શરૂ કર્યું છે. આ ક્રમ અંતર્ગત ગત ઓક્ટોબરમાં મહેસાણા ખાતે પ્રથમ રિજનલ સમિટનું આયોજન થયું હતું, જ્યાં ઉત્તરી ગુજરાત માટે અનેક યોજનાઓની જાહેરાત થઈ હતી. રાજકોટની સમિટને તેનાથી ઘણા મોટા કદની અને ઉચ્ચ સ્તરીય ગણવામાં આવી રહી છે.

# બગસરા : અખિલ ગુજરાત દરજી સમાજ અમદાવાદ દ્વારા રશ્વિનભાઈ ડોડીઆને સમાજનો પરમ પ્રતિષ્ઠા એવોર્ડ અર્પણ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અખિલ ગુજરાત દરજી સમાજ અમદાવાદ ધ્વારા ગાંધીનગર ટાઉનહોલ મુકામે દરજી સમાજના ગુજરાત ભરના વિવિધ ક્ષેત્રોના આગેવાનોને પરમ એવોર્ડથી એવોડથી સન્માનીત કરવામાં આવેલ. જેમાં બગસરા વાઝા જ્ઞાતિ સમાજના પ્રમુખ રશ્વિનભભાઈ ડોડીઆને સહકારી ક્ષેત્રના અગ્રીમ કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવેલ. આ કાર્યક્રમ અખિલ ગુજરાત દરજી સમાજના પૂર્વ પ્રમુખ ડાયાભાઈ દરજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો કનુભાઈ ટેલર, પ્રવિણભાઈ દરજી, દિપીકા ચિખલીયા (સીતા), દર્શનાબેન જરદોશ (પૂર્વ કેન્દ્રીય મંત્રી) જીતેન્દ્રભાઈ ચૌહાણ (જેડબલ્યુ), હાથીભાઈ વાઘેલા, જે.બી. સોલંકી, સુબોધચંદ્ર દરજી સહિતને વિવિધ ક્ષેત્રેની શ્રેષ્ઠ સમાજીક કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં દરજી સમાજના કલેકટરઓ, આઈ. પી.એસ.ઓ. અધિકારીઓ, નિવૃત કર્નલઓ, રાષ્ટ્રપતી એવોર્ડ વિજેતાઓ, શ્રેષ્ઠ શિક્ષકઓ, કોલેજના પ્રિન્સીપાલઓ, ઉદ્યોગપતિઓ, અગ્રણી વેપારીઓ સહિતના સમગ્ર ગુજરાત ભરના સમાજના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રમુખ રાજેન્દ્રભાઈ ગોહેલ તથા સહમંત્રી જયગોપાલ સુતરીયા તથા સમગ્ર ટીમ ધ્વારા કરવામાં આવેલ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનાં

આરોપીએ તા. ૨૨/૧/૨૫ થી તા. ૧૧/૪/૨૫ ના રોજ અલગ અલગ રીતે સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૧,૦૬,૦૭,૭૭૬ RTGS, NEFT, IMPSથી સુધીમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવી અને આરોપીઓએ પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં મેળવી આ ખાતામાંથી સગેવગે કરેલ હોય. આ બનાવ અંગે અમરેલી સીટી પોલીસ દ્વારા શ્રી સોમનાથ ટ્રેડિંગ કંપનીના બેંક એકાઉન્ટના એકાઉન્ટ નં. ૪૩૫૦૩૮૬૭૧૫ ના ખાતાધારક સામે પોલીસમાં ફરિયાદનોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

જયારે બીજાં બનાવમાં ધારી તાલુકાના ઝર ગામનાં વતની અને હાલ સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર આવેલ નિર્મળનગરમાં રહેતાં જયંતીભાઈ મંગાભાઈ દાફડા તથા ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામે રહેતાં શામજીભાઈ શેખા નામનાં આરોપીઓએ મ્યુલ. ખાતા નં. ૪૪૪૦૬૬૯૬૯૮૫ માંથી તા. ૩/૧૧/૨૫ થી તા. ૪/૧૧/૨૫ દરમ્યાન યુપીઆઈ અને આરટીજીએસ મારફતે સાયબર ફ્રોડના કુલ રૂા. ૧૦,૯૩,૦૦૦ જમા થતા હોવાનું જાણવા છતાં પોતાના આર્થિક ફાયદા સારૂ આરોપી જયંતીભાઈ મંગાભાઈ દાફડાએ આરોપી શામજીભાઈ શેખાના કહેવાથી ચેક તથા એ.ટી.એમ. મારફતે ઉપલેટા મુકામેથી ઉપાડી સગેવગે કરી ગુન્હો કરવામાં મદદ કર્યાની સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ સબ. ઈન્સ. એચ.એમ. અગ્રાવતે નોંધાવી તપાસ હાથ ધરેલ છે.

સંકુલ CBSE બોર્ડ
ઈન્ટરનેશનલ સ્કૂલ
KG થી ધો. ૧૨
મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થાપક:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા
શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૨૩૧ થી ૨૬ -Ad 156

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૫૩૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૧૫ | ૯૮૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૧ | ૧૫૩૬ |
| ૨ | કપાસ કોડી | ૧૧૭૧ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૧૦૧૦ | ૧૨૫૪ |
| ૪ | સોયાબીન | ૭૮૧ | ૮૨૦ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૬ | ઘઉં | ૫૫૧ | ૫૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૫ | ૧૩૦૧ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૫૬ | ૧૩૨૫ |
| ૩ | શિંગ મોટી | ૮૩૦ | ૧૪૦૦ |
| ૪ | શિંગદાણા | ૯૦૦ | ૧૩૧૨ |
| ૫ | તલ સફેદ | ૧૦૨૨ | ૨૪૦૦ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૫૨૦૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૮૬ | ૨૩૮૬ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૬૧ |
| ૯ | જુવાર | ૭૧૦ | ૯૫૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૨ | ૫૪૧ |
| ૧૨ | મગ | ૬૨૦ | ૧૧૫૦ |
| ૧૩ | અડદ | ૯૧૦ | ૧૨૧૫ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૧૦૬૧ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૨૧ | ૧૧૦૩ |
| ૧૬ | છોલે ચણા | ૧૫૩૫ | ૧૫૩૫ |
| ૧૭ | તુવેર | ૭૯૫ | ૧૧૨૦ |
| ૧૮ | વાલ | ૬૨૫ | ૮૧૫ |
| ૧૯ | કપાસ | ૧૦૭૦ | ૧૫૬૬ |
| ૨૦ | એરંડા | ૧૧૨૦ | ૧૩૦૦ |
| ૨૧ | જીરૂ | ૩૫૪૦ | ૩૯૦૦ |
| ૨૨ | ધાણા | ૧૬૦૦ | ૧૮૭૧ |
| ૨૩ | અજમા | ૧૮૫૦ | ૨૧૯૦ |
| ૨૪ | મેથી | ૯૭૫ | ૧૦૦૦ |
| ૨૫ | સોયાબીન | ૭૦૦ | ૮૭૪ |
| ૨૬ | રજકાનું બી | ૬૬૦૦ | ૯૭૦૦ |
| ૨૭ | મરચા લાંબા | ૭૬૦ | ૩૩૦૦ |
| ૨૮ | કાંગ | ૫૫૫ | ૫૫૫ |

## લીલીયા મોટામાં યોજાયેલ જિલ્લા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સંપન્ન



લીલીયા મોટા, તા. ૧૦

લીલીયા મોટા અમૃતબા વિદ્યાલય ખાતે ત્રિદિવસીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયુ હતું આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાની ૫૫ પ્રાથમિક શાળા અને ૫૦ માધ્યમિક શાળા મળી ૧૦૫ શાળાના બાળ વૈજ્ઞાનિકો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો આ તકે વૈજ્ઞાનિક પ્રદર્શનના કન્વીનર ડો હસમુખભાઈ કરડના વરદ્ હસ્તે મોમેન્ટો અને પ્રમાણપત્ર એનાયત કરી બાળ વૈજ્ઞાનિકો ને પ્રોત્સાહિત કરેલ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા અમૃતબા વિદ્યાલયના કર્મચારીઓએ જેહમત ઉઠાવી હતી.

## અવસાન નોંધ

**ચિતલ :** ચિતલ નિવાસી સરવૈયા સ્વ. જીવુભાના પુત્ર તે સ્વ. સુરસિંહ સરવૈયાનાં (સુરૂ સાહેબ)ના લઘુબંધુ તેમજ નરેન્દ્રસિંહ (હળવદ)નાં મોટાભાઈ તેમજ મયુર ધ્વજસિંહ તથા નરવિરસિંહનાં પિતાજી તે જુવાનસિંહ સરવૈયા (ઉ.વ. ૬૯) (હાલ ભુજ)નું તા. ૮/૧૨/૨૦૨૫ ને સોમવારે ભુજ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. જુવાનસિંહ તે દસરથસિંહ (સુરેન્દ્રનગર), યોગેન્દ્રસિંહ (ધ્રોલ), ભર્મેન્દ્રસિંહ (રાજકોટ)ના કાકા, દિવ્યરાજસિંહના મોટાબાપુ થાય છે. તેમનું બેસણું તા. ૧૨/૧૨/૨૦૨૫ ને શુક્રવારે ચિતલ ખાતે દરબારગઢ મુકામે ૩ થી ૬ રાખેલ છે.

**નાના આંકડીયા :** નાના આંકડીયા નિવાસી વિપ્ર કૈનયાલાલ બાલાશંકરભાઈ ત્રિવેદી તથા દિપકભાઈ બી. ત્રિવેદીનાં માતુશ્રી કમળાબેન બાલાશંકરભાઈ ત્રિવેદી (ઉ.વ. ૯૬) નું તા. ૮/૧૨/૨૦૨૫ નાં રોજ અવસાન થયેલ છે. તે વિરલભાઈ કે. ત્રિવેદી (હાલોલ) તથા પ્રતિક કે. ત્રિવેદી (ગારીયાધાર), કિશન ત્રિવેદી (લીલીયા)નાં દાદીમાં થાય. તથા હસુભાઈ જોષી (ગ્રીન લોજ મહુવા) તથા મનહરભાઈ પંડયા (અમદાવાદ) તથા દિનેશભાઈ ઠાકર (લીલીયા)નાં સાસુ થાય.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૩૬ | ૧૪૮૭ |
| ૨ | કપાસ કોડી | ૧૦૯૬ | ૧૧૯૬ |
| ૩ | મગફળી | ૯૩૫ | ૧૨૪૦ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ૫ | અડદ | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૬ | એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૭ | ધાણા | ૧૨૫૦ | ૧૬૨૦ |
| ૮ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૦૦૦ |
| ૯ | તલ કાળા | ૪૪૩૦ | ૪૪૩૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૨૫ | ૧૨૧૬ |
| ૧૧ | સોયાબીન | ૭૮૫ | ૮૪૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૨૫ | ૨૧૫૦ |
| ૪ | તલ કાળા | ૪૬૦૦ | ૫૧૫૫ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૩૯૧૧ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૭ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ૧૦ | અડદ | ૬૨૨ | ૧૦૦૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૯૬ |
| ૧૨ | એરંડી | ૮૮૧ | ૧૨૨૫ |
| ૧૩ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૪ | સોયાબીન | ૬૭૫ | ૮૪૮ |

## સાવરકુંડલામાં આજે રાહતદરે હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાશે



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાના વેદકીય રાહત મંડળ સંચાલિત શેઠ શેરી ખાતે આવેલા સાર્વજનિક દવાખાનામાં રાહત દરે દાંતના રોગોની સારવાર કરવામાં આવી રહી છે. જયારે જૂના અને હઠીલા રોગોની સારવાર માટે દર મહિને એક દિવસ હોમિયોપેથિક કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં દર મહિને એક દિવસ રાજકોટથી હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડોકટર અમી પાંધી રાહતદરે સેવા પૂરી પાડે છે, આ હોમિયોપેથીક કેમ્પ આવતી કાલે તા.૧૧/૧૨/૨૫ને ગુરૂવારે યોજાશે. જેમાં જુના હઠીલા દર્દો ,ચામડીના દર્દો, એલર્જી થી થતા દર્દો, શ્વસનતંત્રને લગતા દર્દો, માનસિક દર્દો ,મહિલાઓને લગતા દર્દો ,એસિડિટી, કપાસી વગેરે દર્દોની આડઅસર સહિત અકસીર સારવાર કરવામાં આવશે. તો આ કેમ્પનો લાભ લેવા સાર્વજનીક દવાખાનાની યાદીમાં જણાવાયું છે.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને આ નોટિસથી જાણ કરવાની કે, અમારા અસીલ **સાવલીયા ધર્મેશભાઈ ખોડાભાઈ** ની સુચના અનુસાર અમો આ નોટિસથી જાહેર કરીએ છીએ કે,

અમારા અસીલે **અમરેલી** જિલ્લાના **સાવરકુંડલા** તાલુકાના ગામ–**અભરામપરા** ની સીમ **ખાતા નં. ૧૦૯ સર્વે નં. ૧૦૩ પૈકી ૨ જેના હે.આરે.ચો.મી.૧–૨૧–૪૧ તેમજ ૧૦૩ પૈકી ૩ જેના હે.આરે.ચો.મી. ૧–૨૧–૪૧ તેમજ ૧૦૩ પૈકી ૪ જેના હે.આરે.ચો.મી. ૧–૨૧–૪૧ તેમજ ખાતા નં. ૫૭૭ થી ૧૦૩ પૈકી ૫ જેના હે.આરે.ચો.મી. ૧–૨૨–૪૨ વાળી જમીન જે વ્યાસ ધીરૂભાઈ દેવશીભાઈ રહે.અભરામપરા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી વાળા** પોતાના કબ્જા ભોગવટા અને માલિકીની હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહું મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હકક–હિત, હિસ્સો, દાવો, બોજો, લીયન કે અન્ય કોઈરીતે કોઈ હિત, સંબંધથી પ્રાપ્ત થવા હકકો હોય તો તેઓને આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિન–૧૦ (દસ)માં તે બદલના પુરાવા સહિત લેખિત જાણ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું મિલ્કત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગ, ભાગ, હકક–હિત, હિસ્સો, દાવો, બોજો, લીયન કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હકકો હોય તો તે જતો (વેવ) કરેલ છે, તેમ સમજી અમારા અસીલ સદર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈપણ પ્રકારની તકરાર કે વાંધો ચાલશે નહીં. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**તારીખ : ૧૧/૧૨/૨૦૨૫**
**સ્થળ : ઓફિસ નં. ૬, ગ્રાઉન્ડ ફલોર, શિવ કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરી સામે, મહુવા રોડ, સાવરકુંડલા**
**મો. ૯૭૨૩૨૬૬૬૪૩**

**તે અમારા અસીલની સુચના અનુસાર**
**કે.બી. ખુમાણ**
**(એડવોકેટ) સાવરકુંડલા**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૮૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૩૦ |
| ૩ | મગફળી | ૧૦૦૫ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૦ | ૨૧૬૦ |
| ૫ | તલ કાળા | ૩૧૨૦ | ૪૫૫૦ |
| ૬ | જીરૂ | ૩૨૧૦ | ૩૯૭૦ |
| ૭ | ઘઉં | ૪૬૬ | ૫૫૪ |
| ૮ | ચણા | ૯૮૫ | ૧૦૪૫ |
| ૯ | અડદ | ૯૩૦ | ૧૨૧૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૫૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૫ |
| ૪ | અડદ | ૬૪૦ | ૧૦૫૫ |
| ૫ | ચણા | ૬૦૦ | ૧૦૨૫ |
| ૬ | ધાણા | ૧૭૫૧ | ૧૮૫૦ |
| ૭ | તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૮ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૧૪ |
| ૯ | મેથી | ૮૦૦ | ૧૦૨૫ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૩૦ |
| ૧૧ | લસણ | ૪૩૦ | ૫૨૨ |
| ૧૨ | મગફળી | ૬૧૫ | ૯૫૦ |
| ૧૩ | જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| ૧૪ | શીંગફાડા | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | તલ કાળા | ૧૭૦૦ | ૨૬૩૫ |
| ૧૬ | ચણા છોલે | ૧૦૦૦ | ૧૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અંબરિષ ડેરની શુભેચ્છા મુલાકાત

ભાજપના કાર્યકર તરીકેની સફર સહિત અનેક જુની પળોને યાદ કરી હતી અને ઉજ્જવળ ભવિષ્યની પ્રગતી માટે પ્રધાનમંત્રીએ અંબરીષ ડેરને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રી સાથેની મુલાકાત દરમિયાન કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને લોક સાહિત્યકાર માયાભાઈ આહિર ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રધાનમંત્રી સાથે શુભેચ્છા મુલાકાતની તસ્વીર તેમના ફેસબુક પેજ પર પોસ્ટ મુકી હતી. હાલ તો તેઓના ચાહકો ખુશખુશાલ જોવા મળ્યાં હતાં. તેઓના ચાહકોએ સોશ્યલ મીડિયા મારફતે પોતાના એકાઉન્ટ પર પીએમ સાથેની પોસ્ટ પણ મુકી હતી. અંબરીષ ડેરની પ્રધાનમંત્રી સાથે મુલાકાતને લઈ રાજકીય માહોલ ગરમાયો પરંતુ અનેક તર્કવિતર્કો સર્જાયા. આ મુલાકાતથી રાજકીય લોકોમાં ભારે હલચલ મચી ગઈ છે.

### ખાખરીયા ગ્રામ પંચાયત–ખાખરીયા, તા. કુંકાવાવ, જી. અમરેલી

## :: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, ખાખરીયા ગ્રામપંચાયત કચેરી – ખાખરીયા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે, નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેની જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

**(૧) હરરાજીની તારીખ : ૧૯/૧૨/૨૦૨૫**
**હરરાજીનો સમય : સવારે ૧૦ : ૩૦ કલાકે**
**અસ્કયામતની વિગત : ગ્રામપંચાયત કચેરી ભવન**
**સ્થળ : ખાખરીયા ગ્રામ પંચાયત કચેરી**
**અપસેટ કિંમત : રૂપિયા ૩૯૦૦/–**

**(૨) હરરાજીની તારીખ : ૧૯/૧૨/૨૦૨૫**
**હરરાજીનો સમય : સવારે ૧૧ : ૩૦ કલાકે**
**અસ્કયામતની વિગત : તલાટી મંત્રી ક્વાર્ટર**
**સ્થળ : ખાખરીયા ગ્રામપંચાયત કચેરી**
**અપસેટ કિંમત : રૂપિયા ૩૯૦૦/–**

**(૩) હરરાજીની તારીખ : ૧૯/૧૨/૨૦૨૫**
**હરરાજીનો સમય : બપોરે ૧૨ : ૩૦ કલાકે**
**અસ્કયામતની વિગત : બસસ્ટેન્ડ**
**સ્થળ : ખાખરીયા ગ્રામપંચાયત કચેરી**
**અપસેટ કિંમત : રૂપિયા ૧૩૫૩/–**

**(૪) હરરાજીની તારીખ : ૧૯/૧૨/૨૦૨૫**
**હરરાજીનો સમય : બપોરે ૦૩ : ૦૦ કલાકે**
**અસ્કયામતની વિગત : જુનુ ગ્રામપંચાયત ઘર**
**સ્થળ : ખાખરીયા ગ્રામ પંચાયત કચેરી**
**અપસેટ કિંમત : રૂપિયા ૪૯૯૧/–**

**અનુક્રમ નં. ૪ની અગાઉ તા. ૦૯/૦૪/૨૦૨૫ના રોજ જુના ગ્રામપંચાયત ઘરની જાહેર હરરાજી રાખવામાં આવેલ હતી, પરંતુ જાહેર હરરાજીમાં કોઈ વ્યક્તિએ ભાગ ન લેતા બીજી વખત જાહેર હરરાજી રાખવામાં આવેલ છે.**

**શરતો :** (૧) હરરાજીમાં ભાગ લેવા માંગતા આસામીએ હરરાજી શરૂ થયા અગાઉ રૂા. ૫૦૦/– ડિપોઝીટ ભરવાની રહેશે, તે સિવાય તે હરરાજીમાં ભાગ લઈ શકશે નહીં. (૨) દરેક અસ્કયામતની જાહેર હરરાજી ઓછામાં ઓછી જે અપસેટ કિંમત નકકી કરવામાં આવેલ છે, તે અપસેટ કિંમતથી શરૂ કરવામાં આવશે. (૩) હરરાજીની છેલ્લી બોલીની પુરેપુરી રકમ હરરાજી પુર્ણ થયા બાદ સ્થળ ઉપર જ જમા કરાવવાની રહેશે. (૪) કોઈપણ વાંધા/તકરાર સમયે આખરી નિર્ણય/નિકાલ કરવાની આખરી સત્તા ગ્રામપંચાયતની રહેશે. (૫) ઈમલો સ્વખર્ચે અને સ્વજોખમે ઉતારવાનો રહેશે. (૬) વર્ક ઓર્ડર આપ્યાથી હરરાજીની જગ્યા માંગણીદારે દિન–૧૦માં ચોખ્ખી અને ખુલ્લી કરી આપવાની રહેશે. (૭) ઈમલામાંથી નીકળેલ કાટમાળ ગામને નડતરરૂપ ન થાય તે રીતે ગામની બહાર નિકાલ કરવાનો રહેશે. (૮) જાહેર હરરાજીના તમામ બાબતોના અધિકારો સરપંચશ્રીને અબાધીત રહેશે.

**નોંધ : અન્ય શરતોને આધીન**

| | |
|---|---|
| તલાટી કમ મંત્રીશ્રી | સરપંચશ્રી |
| ખાખરીયા ગ્રામ પંચાયત કચેરી | ખાખરીયા ગ્રામ પંચાયત કચેરી |
| ખાખરીયા | ખાખરીયા |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૨૫ | ૨૪૦૨ |
| ૩ | તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૩૬૧ | ૫૪૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૫૫ |
| ૭ | જુવાર | ૭૦૧ | ૧૦૬૩ |
| ૮ | મગ | ૮૫૧ | ૧૯૦૦ |
| ૯ | મઠ | ૯૯૦ | ૧૧૭૦ |
| ૧૦ | ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૧૧ | જીરૂ | ૩૭૨૫ | ૩૭૨૫ |
| ૧૨ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૩૧ | ૮૦૨ |
| ૧૪ | રાય | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | ચોળી | ૧૨૦૦ | ૧૨૦૦ |

# રાજકોટ ખાતે નિઃશુલ્ક લોહાણા સમાજનાં મેરેજ બ્યુરોનાં સંચાલક મુકેશભાઈ તન્નાની અનોખી સેવા

અમરેલી, તા. ૧૦



ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉભરો ભલે આવ્યો હોય પરંતુ લગ્ન સંબંધ માટે યોગ્ય પાત્રોની માહિતી મેળવવી આજે પણ અત્યંત મુશ્કેલ છે. સિકકાની બીજી બાજુ રાજકોટમાં કમલેશ બ્રધર્સની ગાદીએથી વેપારની સાથે નિઃશુલ્ક વહેવારની ધુણી ધખાવનાર અનોખા સેવાભાવી મુકેશભાઈ તન્નાએ આ પ્રવૃતિની શરૂઆત ૪૦ વર્ષ અગાઉ કરી છે.

ગુજરાત રાજયનાં સૌરાષ્ટ્રમાં રાજકોટ શહેર સ્થિત ઈન્ટરનેશનલ વૈશ્વિક ખ્યાતનામ ધરાવતા એવા વેવિશાળ ક્ષેત્રના પ્રખર સેવાભાવી મુકેશભાઈ તન્નાએ છેલ્લા ૪૦ વર્ષોથી દિકરા–દિકરીઓના સગપણ કરાવવામાં રેકોર્ડ ધરાવે છે.

મુકેશભાઈ તન્નાએ ૬૫ વર્ષની ઉંમરે પણ અત્યારના યુવાનોને પણ શરમાવે તેવી સ્ફુર્તિ ઉત્સાહ અને જોશ ઉમંગ ભેર દીકરા દીકરીઓના સગપણના સપનાઓને સાકાર કરવામાં ખુબ જ મોટું અને મહત્વનું યોગદાન આપી રહ્યા છે. મોટી મોટી વેવિશાળ સગપણ વ્યવસાયિક સંસ્થા કે કંપનીઓ પણ આટલું સરળ અને સહજતાથી દીકરા દીકરીઓના બે આત્માઓનું જીવનભરનું પવિત્ર મિલન કરાવવામાં સફળ નથી રહ્યાં જેટલું મુકેશભાઈ સરળતાથી દીકરા કે દીકરીને પોતાનું જ સંતાન માની આત્મીય રીતે બંનેની જીંદગીને ગોઠવી આપે છે.

મુકેશભાઈ પાનવાળથી માંડીને કલેકટર જેવા ઉમેદવાર ૧૪,૦૦૦ થી વધુ સગપણ કરાવી જ્ઞાતિની આ અનોખી સેવા કરવામાં મુકેશભાઈ એક પૈસાની આવક કરી નથી. ઉલ્ટાનું પોતાનો અમુલ્ય વારસો, શ્રમ અને ટેલીફોનનો છુટથી ઉપયોગ કર્યો છે. જ્ઞાતિની દિકરીની વાત ભારતમાં તો શું વિદેશમાં ચાલતી હોય તો પણ ઈન્કવાયરી માટે મુકેશભાઈએ પોતાના ફોન પરથી વિદેશમાં ફોન કરતા દરેક શહેરમાં તેમની સેવાથી અનેક ઘર બંધાયા હોવા છતા મુકેશભાઈ પ્રસિધ્ધથી દુર રહે છે. લગ્નોત્સુક ઉમેદવારોની ડઝનેક દળદાર ફાઈલોની માહિતી કાળજીથી જાળવી, મુકેશભાઈ આવેલ દરેક ઉમેદવાર તથા વાલીને મીઠો જવાબ તેમજ યોગ્ય માર્ગદર્શન આપે છે. મુકેશભાઈની આ સેવા થકી સેંકડો પરિવારો સ્નેહના સુત્રે બંધાયેલા છે. જેમના નિઃવ્યાજના સ્નેહને પોતાની મુડી ગણે છે. મુકેશભાઈના કર્મયજ્ઞની વિશેષતા એ છે કે મુકેશભાઈ માત્ર માહિતી આપ–લે કરતા નથી પરંતુ પોતાની પાસે આવેલ પાત્રનું યોગ્ય આંકલન કરી તેમને અમુલ્ય સલાહ સુચન પણ કરે છે. જરૂર જણાય કે ઉમેદવારની ઔપચારીક મીટીંગ રવિવારે એમની દુકાન ખાતે લગ્નોત્સુકના પરિચય મેળા જેવુ વાતાવરણ હોય છે.


રાજકોટમાં હાલમાં ક્રિષ્ના મોબાઈલ એસેસરીઝ હબ, રજત કોમ્પલેક્ષ, એબીસી મેડીકલ સામે, સરદારનગર મેઈન પર સોમ થી રવી સવારે ૧૦ થી ૬ ના સમયે નિઃશુલ્ક સગપણ સેવા આપે છે.

### લગ્નમાં ખોટો ખર્ચ કરીને દેખાડો કરવાનાં માહોલમાં

# રાજકોટનાં ડોકટર દંપતીએ વૈદિક વિધિથી લગ્નોત્સવ યોજીને સમાજ માટે પ્રેરણાદાયી કાર્ય કર્યુ

### બચેલી રકમ સદ્‌ભાવના વૃધ્ધાશ્રમને વૃક્ષારોપણ માટે અર્પણ કરાઈ

અમરેલી, તા. ૧૦



લગ્નમાં ઘણાબધાં બિનજરૂરી ખર્ચ કરીને દેખાડો કરવાની નવી રીત શરૂ થઈ છે. ઘણા લોકો દેખાદેખીમાં પણ આવો દેખાડો કરી ખેંચાઈ રહેતા હોય છે ત્યારે રાજકોટના એક શિક્ષણ દંપતીએ પોતાના ડોકટર પુત્રના લગ્નમાં ખોટો ખર્ચ બચાવી વૈદીક વિધીથી લગ્ન કરી બચેલી રકમમાંથી રૂપીયા ૫ લાખ સદભાવના વૃધ્ધાશ્રમને વૃક્ષારોપણ માટે અનુદાન આપી અનુકરણીય કાર્ય કર્યુ છે.

રાજકોટમાં વસતા મૂળ કાલાવડ તાલુકાના પાંચ દેવડા ગામના વતની હાઈસ્કૂલના પ્રિન્સીપાલ કે.પી. હીરપરા અને તેમના ધર્મપત્ની શીલ્પાબેને તાજેતરમાં પોતાના ડોકટર (સર્જન) પુત્ર ડો. હર્ષના શુભવિવાહ ડો. દર્શી સાથે સંપન્ન કર્યા જેમાં ડોકટર દંપતીની જ ઈચ્છા એવી હતી કે, પ્રિવેડીંગ નહીં, પાર્ટી પ્લોટ નહી, ફટાકડા, ડી.જે., મોટો જમણવાર વિગેરે કંઈ કરવાને બદલે આર્ય સમાજની વૈદીક વિધીથી લગ્ન સંપન્ન થાય અને એ જ રીતે બન્ને પરીવારોએ આ લગ્નોત્સવ ઉજવ્યો.

આ લગ્ન અવસરે બચેલી રકમમાંથી રૂપીયા ૫ લાખ સદભાવના વૃધ્ધાશ્રમને પોતાના વતન પાંચ દેવડા ગામે વૃક્ષો વાવી અને ઉછેરવા માટે અનુદાન રૂપે આપ્યા સાથોસાથ બન્ને પરીવારોએ નવદંપતિને એક ઈલેકટ્રીક કાર ભેટમાં આપી જેથી પેટ્રોલ–ડીઝલનો ધુમાડો ન થાય અને પર્યાવરણનો બચાવ થાય, આ રીતે શિક્ષીત પરીવારો પણ હવે વૃક્ષ અને પર્યાવરણ માટે અનુદાન આપતા થયા છે જે સમાજને બહુ મોટી પ્રેરણા આપે છે.

### પ્રાથમિક અને માધ્યમિકની શાળા દ્વારા

# બાબરામાં કમળશી હાઈસ્કુલ ખાતે યોજાયેલ ર દિવસીય સાંસદ ખેલ મહાકુંભનુ સમાપન

### ૧૬ શાળાનાં ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો

બાબરા, તા. ૧૦






બાબરામાં ગત સોમ અને મંગળ એમ બે દિવસ અહીં સરકારી કમળશી હાઈસ્કૂલમાં સાંસદ ખેલમહાકુંભ યોજાયો હતો જેમાં બાબરા શહેર અને તાલુકાની સરકારી અને ખાનગી પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ રમતોમાં ભાગ લીધો હતો જોકે અહીં ઓપન વિભાગ પણ રાખવામાં આવ્યો હતો પણ તેમાં શાળા બહાર ન કોઈની એન્ટ્રી નહિ આવતા એ વિભાગ ખાલી રહ્યો હતો.

સોમવારે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા સાંસદ ખેલમહાકુંભનો પ્રારંભ કરાવ્યા બાદ શહેર અને તાલુકાની સરકારી તેમજ ખાનગી ૧૬ જેટલી શાળાના ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ખોખો, ચેસ, કોથળા દોડ, રસ્સા ખેંચ જેવી રમતોમાં ભાગ લીધો હતો સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સંદેશ પણ પાઠવ્યો હતો.અહીં કમળશી હાઈસ્કૂલમાં આયોજિત સાંસદ ખેલમહાકુંભમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તમ પ્રદશન બતાવ્યું હતું જેમાં સત્યમ સ્કૂલ કરીયાણા વિદ્યાર્થીઓ દ્વારા ખોખો રમતમાં શ્રેષ્ઠ પ્રદશન બતાવ્યું હતું જયારે રસા ખેંચમાં ઓમ વિદ્યાલય અને વી.એલ. ગેલાણી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર દેખાવ કર્યો હતો અને ચેસ રમતમાં ખંભાળાની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આગવું સ્થાન ધરાવ્યું હતું અને કોથળા દોડમાં કે.પી. આશરા સ્કૂલની વિદ્યાર્થીનીઓ શ્રેષ્ઠ પ્રદશન બતાવ્યું હતું આગામી દિવસોમાં ઉપરોકત તમામ શાળાના વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ રમતોમાં ભાગ લેવા જશે.

સાંસદ ખેલમહાકુંભને સફળ બનાવવા કન્વિર ક્રિષ્નાબેન ચૌધરી અને સહકન્વીર ચિરાગભાઈ પાટડીયા દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# ૧૧ ડીસેમ્બર, ''આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ''




અમરેલી, તા. ૧૦

વર્ષ ૨૦૦૩થી સંયુકત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૧૧ ડીસેમ્બરનાં દિવસને ''આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટીએ જોઈએ તો તમામ પ્રકારનાં પર્વતો મહત્વનાં છે પછી ભલે તે બરફ આચ્છાદિત હોય કે સંપૂર્ણ લીલોતરીથી મહેકતા હોય. દરેકે દરેક પ્રકારનાં પર્વતોમાં વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ વસે છે. પશુ, પક્ષી, પ્રાણીઓથી લઈને વિવિધ વનસ્પતિ અને માનવી પણ ઘણા ચોક્કસ પહાડી પ્રદેશોમાં રહે છે. વળી ઘણાં લોકો ત્યાં રહેતા નથી તો એ જગ્યાનો, માહોલનો આનંદ માણવા માટે પણ પહાડો પર થોડા દિવસો માટે રહેવા જાય છે. પર્વતો પર રહેલી કુદરતી હવા, પ્રદુષણ રહિત માહોલ સૌને આનંદ આપે છે.

જેવી રીતે ટ્રાવેલ ટુરીઝમ વધ્યું છે તેમ તેમ ફરવાં કરતાં લોકો અન્ય વિસ્તારોમાં ફરવા કરતાં પર્વતો પર જઈને પોતાનાં રજાના દિવસો વિતાવવાનું વધારે પસંદ કરે છે પછી ભલે તે કોઈ યાત્રાધામ હોય, હિમાચલ પ્રદેશ હોય, બરફીલા પ્રદેશો હોય કે દક્ષિણમાં આવેલા લીલોતરીથી સજજ પર્વતો હોય બધે જ રજાનાં દિવસોમાં કે વેકેશનમાં ભીડ જોવા મળે છે. વળી કોરોનાકાળમાં તો જયારે અમુક વિસ્તારોમાં ખુબ જ તકલીફનાં કારણે સંપૂર્ણ કાર્યભાર બંધ રાખવામાં આવ્યો હતો ત્યારે કેટલાંક લોકો કામનો ભારો ઉતરતા જ પરિવાર સાથે મજા કરવા કે કોરોનાથી બચવા માટે પહાડો પર પહોચી ગયા હતા. જો કે ત્યાંથી પણ ઘણાને કોરોના ડીટેકટ થયો અને પછી જ લોકોને આ વિષયની ગંભીરતા સમજાવા લાગી પરંતુ અહિ મુખ્ય બાબત એ છે કે કુદરતી રીતે નિર્માણ થયેલા એવા પર્વતો પર જરૂર કરતા વધુ માનવ વસાહત થતા, હવા, પાણી, જમીનનું પ્રદુષણ વપ્રયું છે. ઉપરાંત નોઈસ અને લાઈટ પોલ્યુશન પણ વધારાના ઉમેરાયા છે. આવામાં પર્વતો પર રહેતી વન્ય જીવસૃષ્ટિનું શું ? શું માનવ બધે જ પોતાનું અસ્તિત્વ જમાવશે તો પ્રાણીઓનું શું? હા એ વાત સાચી કે પર્વતો પર જીવન ગુજારતા કેટલાક લોકો માટે આવકનું સાધન બનવા તેમજ ઈકોનોમી મેઈન્ટેનઈન રાખવા માટે ટ્રાવેલ ટુરીઝમ જરૂરી છે પરંતુ તેને લગતા અમુક ચોક્કસ કડક નિયમો તો હોવા જ જોઈએ. જેથી કુદરતી સંસાધનોનું રક્ષણ થઈ શકે.

આજરોજ એટલે કે ૧૧ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવાની વર્ષ ૨૦૦૩થી સંયુકત રાષ્ટ્ર દ્વારા શરૂઆત કરવામાં આવી છે જેનો મુખ્ય ઉદ્દેશ પર્વતોના મહત્વ તરફ વધતા ધ્યાનથી યુ.એન.એ પર્વતોનું યુ.એન. આંતરરાષ્ટ્રીય વર્ષ ૨૦૦૨ જાહેર કર્યુ હતું ત્યાર પછીના વર્ષે આટલે ક વર્ષ ૨૦૦૩માં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવામાં આવ્યો.

પર્વતોમાં વિની ૧૫% વસ્તી છે અને વિની લગભગ જૈવવિવિધતા હોટસ્પોટ્સનો અડધો ભાગ છે. તેઓ અડધા માનવતાને રોજિંદા જીવન માટે મીઠા પાણી આપે છે. તેમનું સંરક્ષણ ટકાઉ વિકાસ માટેના મુખ્ય પરિબળ છે.

દુર્ભાગ્યવશ, પર્વતો હવામાન પરિવર્તન અને વધુ પડતાં શોષણના જોખમમાં છે. જેમ જેમ વૈકિ વાતાવરણ ગરમ રહે છે તેમ, પર્વત લોકો – વિના કેટલાક ગરીબ – અસ્તિત્વ ટકાવવા માટેના મોટા સંઘર્ષોનો સામનો કરે છે. વધતા તાપમાનનો અર્થ એ પણ છે કે પર્વત ગ્લેશિયર્સ અભૂતપૂર્વ દરે ઓગળી રહ્યા છે, લાખો લોકો માટે તાજા પાણીના પુરવઠાને અસર કરે છે.

આ સમસ્યા આપણા બધાને અસર કરે છે. આપણે આપણા કાર્બન પદચિહ્નને ઘટાડવું જોઈએ અને આ કુદરતી ખજાનાની સંભાળ રાખવી જોઈએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# શાખાનાં પુષ્પો

લાલબહાદુર શાસ્ત્રી વડાપ્રધાન હતા તે સમયે તેના ઘરના સોફાનું કવર ફાટી ગયું હોવાથી તેમના પત્ની લલિતા દેવીએ તેમનું ધ્યાન દોર્યું. શાસ્ત્રીજીએ તેના પર કંઈ ખાસ પ્રયાન આપ્યું નહીં ત્યારે તેના પત્નીએ કહ્યું કે, 'કેન્દ્રના પ્રધાનના ઘરે આવો લઘરવઘર સોફો શોભે ખરો ? શાસ્ત્રીજીએ કહ્યું, ' મુલાકાતીઓ મને મળવા આવે છે, સોફાને નહીં. શોભા વધારવા અને મોભો બતાવવા પ્રજાના નાણા ખર્ચ કરવા મને પસંદ નથી. એમ છતાં લલિતા દેવીએ દલીલો કરતા શાસ્ત્રીજીએ દરવાજા પર લટકતા પડદા ખેંચીને કહ્યું કે, 'આમાંથી કવર બનાવી લો. લલીતા દેવીએ કહ્યું, '

સંકલન શ્રી અર્જુન ગઢિયા
અમરેલી

પણ તેમ કરવા જતા તો બારણા ખુલ્લા રહેશે.શાસ્ત્રીજીએ કહ્યું, 'મારૂ જીવન જેમ ખુલ્લુ છે તેમ મારા ઘરના બારણા પણ બધા માટે ભલે ખુલ્લા રહે.

**સોડમ** : સાદગી અને સરળતા એ રાજનેતાનો ગુણ હોવો જોઈએ.

# સા.કુંડલા : રેડક્રોસ સોસાયટી દ્વારા ૬૫૦ મું ચક્ષુદાન લેવાયું



સાવરકુંડલા, તા.૧૦

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બ્રાંચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા ૬૫૦ ચક્ષુદાનનો આંક પૂર્ણ મેહુલભાઈ વ્યાસની આવી સેવાકીય પ્રવૃત્તિઓને શહેરના અગ્રણી દ્વારા બિરદાવવામાં આવી રહી છે.

સાવરકુંડલા શહેર મેહુલભાઈ વ્યાસ કે જે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના સેક્રેટરી છે અને ચક્ષુદાન સ્વીકાર માટે સતત પ્રયત્નશીલ રહે છે. પોતાના વ્યવસાયના સમયે પણ જો કોઈ ચક્ષુદાન સ્વીકાર માટેની દરખાસ્ત આવે તો વ્યવસાય પડતો મૂકીને પણ આ સમગ્ર માનવજાત માટે ઉપયોગી એવી ચક્ષુદાન સ્વીકાર માટે દોડી જાય છે.

આજરોજ સવારે અગિયાર આસપાસના સમય ગાળામાં સાવરકુંડલા શહેરમાં શિવશક્તિ સોસાયટી હાથસણી રોડ પર આવેલ સાવરકુંડલાના જે.વી મોદી હાઈસ્કૂલના નિવૃત ગણિત વિજ્ઞાનના શિક્ષક હરેશભાઈ સૂચકના ધર્મપત્ની મીનાબેન હરેશભાઈ સૂચકનું દેહાવસાન થતાં પરિવારજનોએ સદગતના ચક્ષુ ડોનેટ કરવાનો નિર્ણય કરતાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસે તેમના નિવાસ સ્થાને આવીને મૃતકના ચક્ષુદાનનો સ્વીકાર કર્યો હતો.

# લાઠી–લીલીયાનાં જળની કામગીરી કચ્છનાં ૨૧ ગામનાં અગ્રણીઓએ નિહાળી

લીલીયા, તા. ૧૦





ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મ સવજીભાઈ ધોળકિયા ધ્વારા ગાગડીયો નદી પર થયેલ જળ સંરક્ષણની કામગીરી સમગ્ર દેશ માટે પ્રેરણા રૂપ બની છે. ઓછામાં ઓછા સંસાધનો વાપરીને કઈ રીતે વધુમાં વધુ જળ સંરક્ષણ થઈ શકે તેના અભ્યાસ માટે તથા પદ્મ સવજીભાઈ ધોળકિયાનું જળ સંરક્ષણ માટે માર્ગદર્શન તથા સહયોગ મેળવવા અર્થે કચ્છ જલધારા સેવા સંઘના ૨૧ ગામના કાર્યકર્તા ભાઈઓએ લાઠી લીલીયા તાલુકામા ધોળકિયા ફાઉન્ડેશન ધ્વારા થયેલ જળ સંરક્ષણના કામોની મુલાકાત લીધી હતી તથા માર્ગદર્શન મેળવ્યું હતું. કચ્છ જિલ્લાના સરહદી ગામોમાંથી સ્થળાતર એક મોટી પ્રશ્ન બન્યો છે. ત્યારે એ વિસ્તારમાં વસ્તીને ટકાવી રાખવા માટે તથા રોજગારી, ખેતીની સમૃધ્ધિ અને સરહદી વિસ્તારના લોકોના જીવનની ગુણવતા સુધારવા માટે એ વિસ્તારમાં જળ સંરક્ષણ પાયાની જરૂરિયાત બની છે. ત્યારે આ કામગીરીમાં ધોળકિયા ફાઉન્ડેશન જોડાઈ તે માટે કચ્છ જલધારા સેવા સંઘ ધ્વારા રજુઆત કરવામાં આવેલ. આ તકે પદ્મ સવજીભાઈ ધોળકિયા એ પણ ખાતરી આપી હતી કે રાષ્ટ્ર સેવા માટે આ કાર્યમાં ધોળકિયા ફાઉન્ડેશન તમામ પ્રકારનો સહયોગ પૂરો પાડશે. આ મુલાકાતમાં કેશવલાલ ઠાકરાણી, માકાણીભાઈ, મુકેશભાઈ, ચેતનભાઈ લીંબાણી સહિતના લોકો જોડાયા હતા.

### પ્રદુષણ બોર્ડ ચકાસણી કરે તેવી માંગ

# દામનગરનાં રાભડા ગામ નજીક ગંદકીના ગંજથી જનઆરોગ્ય ઉપર ખતરો

### કરોડોનાં ખર્ચ બાદ ગંદકી દુર થતી નથી

દામનગર, તા. ૧૦



દામનગર શહેરની નગરપાલિકાએ કરોડોનો ખર્ચ ધન કચરાના રીસાયકલીંગ માટે વખતો વખત કમ્પાઉન્ડ હોલ જેવા વિવિધ કામે કર્યો પણ વિવેક હીન વ્યવસ્થા સુવિધાને બદલે દુવિધા રૂપ બની ભારે પ્રદુષણનું કારણ બની રહી છે એકબાજુ ગામડામાંથી માઈગ્રેશન વધી રહ્યું છે તેવા સમયે ગામડાઓમાં રહેતા વૃધ્ધ વડીલો માટે આફત રૂપ કચરા ફેફસા, આંખોના રોગોમાં વધારો નોતરી રહ્યું છે દામનગર નગરપાલિકાની ડમ્પિંગ સાઈડથી રોજ ધુવાડાના ગોટે ગોટા શ્વાસ લેવામાં પણ મુશ્કેલી ઉભી થાય તે હદે કાયમી સમસ્યાથી નાના એવા રાભડા ગામના રહીશોને હાલાકી પડી રહી છે જિલ્લા પંચાયતના માર્ગ કાંઠે બનેલ ડમ્પિંગ સાઈટ કચરા નિકાલ માટે બની પણ કચરાના ઉપદ્રવનું સૌથી મોટું કારણ બની રહ્યું છે ઝેરી જેવીક રાસાયણિક વાયુ પ્રદુષણનો ભયાનક ખતરા સામે ભારે નારાજગી ઉભી થઈ રહી છે રાજયના પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારન સ્થળ વિઝીટ કરી પ્રદુષણના માપદંડ નિયમો વ્યવસ્થાઓ ચકાસવી જરૂરી આમ તો ''સાવરણી કચરો કાઢવાનું સાધન છે પણ દોરી છૂટી જાય તો ખુદ સાવરણી જ કચરો બની જાય'' તેમ વિકાસની આંધળી દોટમાં શુધ્ધ હવા પાણી માટે ગામડા શ્રેષ્ઠ ગણાય પણ હવે ગામડા પણ હવે ગામડાઓ સુધી ડમ્પિગ સાઈડનું ભયાનક પ્રદુષણ પહોંચી રહ્યું છે નાના એવા રાભડા ગામથી ધુમાડા વારંવાર ઉઠતી ફરિયાદ સામે પ્રદુષણ બોર્ડ સ્થળ વિઝીટ કરી ધારા ધોરણો નિયમોના અમલ માટે દરકાર લેવી જોઈએ.

# સાવરકુંડલા : શાળામાં યોજાયેલ બોર્ડના વિદ્યાર્થીઓ માટેનો સેમીનાર



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા શહેરમાં આવેલ શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે અભ્યાસ કરતા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન અને પ્રેરણા દાયક કાર્યક્રમ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવેલ. ગુરૂકુળ શાળાના ભવ્ય હોલમાં ૪૦૦ વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીકર તરીકે મહેતા દ્વારા ખૂબ સુંદર રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના સાયબર સેલના માસ્ટર આઈ. ટી. મહેતા દ્વારા સાંપ્રત સમયમાં થતા ફ્રોડ વિશે જાણકારી અને સાવધાની વિશે ખુબ સુંદર રીતે સમજાવવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ માટે પ્રેરણા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર કુગસીયા દ્વારા યોજવામાં આવેલ. જેમાં તેઓ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને હૂંફ આપી હતી અને ગુરૂકુળ શાળાની મુલાકાત લીધી હતી અને આ મુલાકાતથી તેઓ ખૂબજ પ્રભાવિત થયા હતા સાથે સંતોના આશીર્વાદ માટે ગુરૂકુળના પૂજનીય સંત પુરાણી વિષ્ણુ સ્વામી સાથે સંસ્થાનાં વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી , સંસ્થાનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી, સંસ્થાનાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી અને શુકદેવ પ્રસાદ દાસજી સ્વામીનાં આશીર્વાદ લીધા હતા તેમજ સંતોએ ભગવાનનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્થાનાં ડાયરેકટર વ્યાસ સાથે સાયન્સ વિભાગના આચાર્ય હરેશભાઈ મહેતા, સામાન્ય વિભાગના આચાર્ય કમલેશભાઈ ચુડાસમા સાથે સત્યમભાઈ, ઉમંગભાઈ, પિયુષભાઈ વિગેરે સાથે રહ્યા હતા.


## દુઃખદ અવસાન / બેસણું

નરેન્દ્રસિંહ જીવુભા સરવૈયાના જય માતાજી

દિલગીરી સાથ જણાવવાનું કે, અમારા મોટાભાઈ શ્રી જુવાનસિંહ જીવુભા સરવૈયા (હાલ ભુજ) (ઉ.વ.૬૯) તે સ્વ. જીવુભા હરિસિંહ સરવૈયાના પુત્ર તેમજ સ્વ. સુરસિંહ જીવુભા હરિસિંહ સરવૈયા (સુરૂ સાહેબ)ના નાનાભાઈનું તા. ૦૮/૧૨/૨૦૨૫, સોમવારના સ્વર્ગવાસ થયેલ છે.



સ્વ. જુવાનસિંહ જીવુભા સરવૈયા
માગસર વદ–ચોથ, (ઉ.વ. ૬૯)
સ્વ. તા. ૦૮/૧૨/૨૦૨૫ (ચિત્તલ)

સદ્‌ગતનું બેસણું : તારીખ. ૧૨/૧૨/૨૦૨૫, શુક્રવારે
બપોરે ૩:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી
દરબાર ગઢમાં ચિત્તલ મુકામે રાખેલ છે

લી

નરેન્દ્રસિંહ જીવુભા સરવૈયા (ભાઈ)
દશરથસિંહ સુરસિંહ સરવૈયા (ભત્રીજા)
યોગેન્દ્રસિંહ સુરસિંહ સરવૈયા (ભત્રીજા)
ધમેન્દ્રસિંહ સુરસિંહ સરવૈયા (ભત્રીજા)
મયુરધ્વજસિંહ જુવાનસિંહ સરવૈયા (પુત્ર)
નરવીરસિંહ જુવાનસિંહ સરવૈયા (પુત્ર)
દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ સરવૈયા (નાનાભાઈના પુત્ર)

સરવૈયા પરિવારનાં જય બાલમુકુંદ

થોડા દિવસો પહેલા ગુન્હો નોંધાયા બાદ

# બાબરાના ખંભાળા ગામેથી ઝડપાયેલ બનાવટી ખાતરના બે આરોપીઓ ઝડપાયા

## એસપીની સુચનાથી એસઓજીએ કરી કામગીરી



અમરેલી, તા. ૧૦

ચોરી-છુપીથી અને અનઅધિકૃત રીતે ખાતરમાં મિલાવટ કરી તેનુ બનાવટી પેકીંગ કરી ખેડૂતો સાથે પોતાના આર્થિક ફાયદા સારૂ આવી બનાવટી ચીજ વસ્તુઓનુ ઉત્પાદન કરી વેચાણ કરી ઠગાઈ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાતએ સુચનાં આપેલ હોય. જે અન્વયે બાબરા તાલુકાના ખંભાળા ગામે ફર્ટીલાઈઝર એગ્રોના વિક્રેતા પાસેથી બનવાટી IFFCO કંપનીના માર્કા વાળી પ્લાસ્ટીકની બેગમાં હલ્કી ગુણવત્તા વાળ ખાતર ભરી વેચાણ કરવા અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૬૧(૨)(એ) તેમજ આવશ્યક ચીજવસ્તુ ધારો-૧૯૫૫ ની કલમ-૭ મુજબનો ગુનો દાખલ થયેલ હતો. જે ગુનામાં જસદણ ગામે આવેલ આનંદધામ સોસાયટીમાં રહેતાં મહેશભાઈ ચોથાભાઈ જાપડીયા તથા ગઢડા તાલુકાના રામપરા ગામે રહેતાં આરોપી જીગ્નેશભાઈ રમેશભાઈ ડાભી નામના બે આરોપીઓને એસ.ઓ.જી. ટીમ દ્વારા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જયારે અમરેલી તાલુકાના લાલાવદર ગામે રહેતાં આરોપી ભરતભાઈ ચીમનભાઈ ધાનાણીની શોધખોળ આદરી છે.

કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા, સાહિત્યકાર માયાભાઈ આહીર પણ સાથે જોડાયા

# દેશનાં પાટનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેરની શુભેચ્છા મુલાકાત

## આગામી દિવસોમાં મહત્વની જવાબદારી મળે તેવી ચર્ચાઓ શરૂ



અમરેલી, તા. ૧૦

રાજુલા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના નેતા અંબરીષ ડેરે તાજેતરમાં દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. તેઓની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ રાજુલા નગરપાલિકા કાર્યકાળ, યુવા

**અનુસંધાન પાના ૬ ઉપર**

ખોટી રીતે બેન્ક એકાઉન્ટમાં લાખો રૂપિયા મેળવી ઉપાડી લીધા

# અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનાં લાખો રૂપિયા જમા કરાવી બે ઈસમોએ સગેવગે કર્યાની ફરિયાદ નોંધાઈ

## અમરેલી અને સાવરકુંડલાનાં ઈસમ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં જ સમયથી બેન્ક ખાતામાંથી મોટી મોટી રકમ સગેવગે કરવાં સબબની રોજબરોજ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ત્યારે આજે અમરેલી તથા સાવરકુંડલા પંથકમાં મોટી રકમ સગેવગે કરવાં સબબની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં શ્રી સોમનાથ ટ્રેડિંગ કંપનીના બેંક એકાઉન્ટના એકાઉન્ટ નં. ૪૩૫૦૩૮૬૭૧૫ ના ખાતાધારક

**અનુસંધાન પાના ૬ ઉપર**

સુરેન્દ્રનગર વિસ્તારમાંથી આવીને

# ધારીનાં વાવડી ગામે વીજ ચેકીંગ કરનાર નાયબ ઈજનેરની ફરજમાં રૂકાવટ

## સ્થાનિક પોલીસે એક વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૧૦

સુરેન્દ્રનગર ખાતે પીજીવીસીએલમાં સ્કોડ વિભાગીય કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતાં મુસ્તુફાભાઈ આદમભાઈ વાટીયા ગત તા. ૯ના રોજ બપોરના ૧૨:૩૦ વાગ્યે પોતાની વીજ ચેકીંગની કામગીરીમાં નીકળેલ હોય. તે દરમ્યાન ધારી તાલુકાના વાવડી ગામે વીજ ચેકીંગનું કામ કરતાં હતાં. ત્યારે વાવડી મુકામે આરોપી રણુભાઈ મેરામભાઈ વાળાએ પોતાને ગામનો માજી સરપંચ જણાવી ગામમાં વીજ ચેકીંગ કરવાની મનાઈ કરી આરોપી રણુભાઈ મેરામભાઈ વાળા તથા ગુલાબી ઝભ્ભો પહેરેલ અજાણી વ્યકિતએ નાયબ ઈજનેર સાથે બોલાચાલી કરી ગાળો આપી અને ધક્કો મારી જમણા ગાલ ઉપર જાપટ મારી આરોપીઓએ નાયબ ઈજનેરની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જિલ્લામાં અવારનવાર વાહન અકસ્માતની ઘટના

# ધારી-અમરેલી માર્ગ ઉપર જર ગામ નજીક કાર અને ટ્રક વચ્ચે ટક્કર

## કારમાં સવાર ૪ મુસાફરોને ઈજા થતાં સારવારમાં ખસેડાયા



અમરેલી, તા. ૧૦

ધારી-અમરેલી માર્ગ ઉપર આજે સ્વીફટ કાર અને આયશર ટ્રક વચ્ચે અકસ્માત થતાં કારમાં સવાર ૪ મુસાફરો ઈજાગ્રસ્ત બનતા સારવારમાં ખસેડવામાં આવેલ છે.

બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે ઘટના સ્થળે પહોંચી વાહન વ્યવહાર પૂર્વવત કરવા સહિતની કામગીરી કરી હતી.





















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)